श्रीपरमात्मने नमः । ॐ अर्हं नमः । श्री गुरवे नमः ।

અકલંક ગ્રંથમાળા – પુષ્પ ૧૦૭

# જૈન કથાઓ ભા ૨૩

:– સંપાદક –

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજીમહારાજ

[ પ્રથમ આવૃત્તિ ] નકલ : ૧૦૦૦ [ વિ સં. ૨૦૪૬, ઈ.સ. ૧૯૯૦ ]

મુદ્રક : સાધના પ્રિન્ટરી
૨, સુરેન્દ્ર હાઉસ, જુની સિવિલ સામે,
ઘીકાંટા રોડ, અમદાવાદ.


–: પ્રકાશક :–

અકલંક ગ્રંથમાળા

પાંચ પોળ જૈન સંઘ, કલ્યાણનગર જૈન ઉપાશ્રય,
શાહપુર દરવાજા બહાર, અમદાવાદ–૩૮૦૦૦૪.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પૂજ્ય મુનિશ્રી અકલંકવિજયજીમહારાજસાહેબનો પરિચય



જન્મસ્થળ : લીંચ,
જિલ્લો–મહેસાણા

સંવત : ૧૯૭૦ ફાગણ સુદ ૫

સંસારી નામ : **અમૃતલાલ શિવલાલ શાહ**

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૂ.આશ્રી વિજયભૂવનભાનુસૂરિ મ. સા. પાસે સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ ૩ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ ના વૈશાખ સુદ ૩ ના રોજ પૂર્ણ કરી. સ્વ. પૂ. કર્મશાસ્ત્ર પારંગત સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરિ મહારાજ પાસે ધાર્મિક અભ્યાસ કર્યો. દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે. હાલ વર્ધમાન તપની પુનઃ પરમી ઓળીની આરાધના ચાલે છે. મુનિશ્રીને કોટી કોટી વંદન.

પ્રો. કવિન શાહ, બીલીમોરા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

જૈન શાસ્ત્ર ના ચાર પ્રકાર વિભાગ જૈન દર્શનમાં બતાવ્યા છે. દ્રવ્યાનુયોગ – ગણિતાનુયોગ – ચરણ – કરણનુ યોગ અને ધર્મ કથાનું યોગ.

આ ચાર અનુયોગ પ્રમાણે ચાર પ્રકારના જીવો હોય છે. તેમાં કોઇ દ્રવ્યાનુ યોગથી ધર્મ પામે, કોઈ ગણિતાનુ યોગથી ધર્મ પામે, જ્યારે કોઈ ચરણ – કરણાનું યોગથી ધર્મ પામે અને જે અબુધ એટલે અલ્પ બુદ્ધિવાળા છે તે ધર્મ કથાના યોગથી ધર્મ પામે છે.

ચાર અનુયોગ માં ધર્મ પામવા કે સમજવા માટે ધર્મ કથાનુ યોગ સરલમાં સરલ માર્ગ છે.

ધર્મ કથાઓ પણ બે પ્રકારની હોય છે એક તો ચરિત્ર અને બીજી કલ્પિત, વાસ્તવિક હોય તે ચરિત્ર કહેવાય છે. જ્યારે જે કલ્પનાથી ઉદ્દભવેલી હોય તે કલ્પિત કહેવાય છે. કલ્પિત હોવા છતાં પણ તે જે ધર્મને પુષ્ઠ કરનારી હોય તો તે ઉપાદેય છે. એટલે કે આદરવા લાયક છે.

વર્તમાનકાળમાં અનેક પ્રકારનું બિભિત્સ સાહિત્ય જેવા કે નોવેલ આદિ પ્રસારિત થયા છે કે જેનાથી કામ વાસનાને ઉત્તેજના સિવાય કાંઇ જ લાભ નથી. તેથી તે હાનિકારક છે પણ હિતકર નથી. તેવા સાહિત્યથી દૂર રાખવા પૂર્વ પુરુષો એ અનેક પ્રકારના ચરિત્ર ગ્રંથો અનેક પ્રકારની કથાઓની રચના કરેલ છે કે જેના દ્વારા આત્મ-ગુણો ખીલે અને પરંપરા એ અપવર્ગ પામી શકાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પુસ્તકમાં પ. પૂ. મુ. શ્રી અકલંક વિજયજી મ. સા. દ્વારા સંગ્રહ કરવામાં આવેલ ચરિત્ર અને કથાઓ વર્તમાનકાળમાં ખુબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. ડુબતાને તરવાનું સાધન મલી જાય તેવી રીતે વર્તમાન-કાળમાં આ ધર્મ કથાઓની આવશ્યક્તા છે. જે પ્રકાશન કરી મુનિ શ્રી એ એક અનુમોદનીય કાર્ય કરેલ છે.


શાસ્ત્રકારો બતાવે છે કે આત્મ ગુણો માટે ત્રણ પ્રકારના નિમિત્તો જોઈએ. એક તો સતસંગ બીજો સારો મિત્ર અને ત્રીજુ સદ્ સાહિત્ય એટલે સારા પુસ્તકનું વાંચન તેથી આ પુસ્તક આપણા માટે એક મિત્ર સમાન છે કે જે સન્માર્ગ દર્શનરૂપ થઈ આત્મ ગુણોની પ્રાપ્તિ કરાવી. પરંપરા એ મોક્ષ સુખ અપાવે તેમ છે. અંતે મુનિ શ્રી દ્વારા આવા પુસ્તકો પ્રકાશિત થતાં રહે એ જ ભાવના.

લી. લઘુશ્રમણ સંયમસાગર

## ※ અનુક્રમણિકા ※

| | | |
|---|---|---|
| ૧. | પદ્મશ્રી નો વૃતાંત | ૧ |
| ૨. | વિભાવસુની કથા | ૧૧ |
| ૩. | અવધીજ્ઞાનીએ કહેલ વૃતાંત | ૧૪ |
| ૪. | શાંબ પ્રદ્યુમ્ન ચરિત્ર | ૨૭ |
| ૫. | વિક્રમરાજાની કથા | ૫૬ |

પંન્યાસ પ્રવર શ્રી. જિતેન્દ્ર સાગરજી મ. સા.



. પ્રિયવકતા, મુનિશ્રી પુન્યપાલ સાગરજી મ. સા ની પ્રેરણાથી
નપુર શ્વે. મૂ. જૈન સંઘ તરફથી રૂા. ૧૫૦૦) ભેટ મળ્યા છે.

## પદ્મશ્રીનું ચરિત્ર (વસુદેવ હિંડ અંતર્ગત)

કથા બે પ્રકારની છે : ચરિતા અને કલ્પિતા. એમાં ચરિતા બે પ્રકારની છે : સ્ત્રીની કે પુરુષની.

ધર્મ અર્થ કામ વિષયક કાર્યોમાં જોયેલ સાંભળેલ કે અનુભવેલ વસ્તુને ચરિત કહેવાય છે. એનાથી ઊલટું કુશળ પુરૂષોએ પહેલાં જેનો ઉપદેશ કરેલો હોય અને જે સ્વ-મતિથી યોજેલું હોય તે કલ્પિત કહેવાય છે.

ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ એમ ત્રણ પ્રકારના પુરૂષો અને સ્ત્રીઓ હોય છે. તેમનાં ચરિત્રો પણ તે પ્રકારે હોય છે.

ચરિત કથાઓમાં નાયકના ગુણદોષ બધું જ આવે. વીતરાગ સિવાય છદ્મસ્થ જીવોમાં અમુક દોષ તો રહેલા જ છે. કલ્પિત કથાઓમાં પાત્રોને જેવાં ગોઠવવાં હોય તેવાં ગોઠવી શકાય. પણ જૈન શૈલી મુજબ કથા રચવામાં આવે તેનો ઉદ્દેશ તો લોકોને ધર્મ તરફ વાળવાનો હોય છે. પાપ કરવાથી દુઃખ આવે છે. અને ધર્મ કરવાથી સુખ મળે છે. તે દાખલા દૃષ્ટાંતથી સમજાવી શકાય છે.

ઉપદેશ સાચો હોય અને પાત્રો કવિનાં કલ્પેલાં હોય તે કલ્પિતા કહેવાય. તેવી કથાઓ જૈન સાહિત્યમાં ઘણી છે. જ્યારે ચરિતા કથાઓ બહુ અલ્પ છે. ટૂંકમાં પૂર્વા--ચાર્યો ભવભીરુ હોવાથી કલ્પિત કથાને કથા શબ્દ વાપર્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય છે. અને ચરિત કથાને ચરિત્ર શબ્દ વાપર્યો હોય છે. ત્રિષષ્ઠિસલાકાપુરુષચરિયં, પઉમચરિયં, પત્તોયબુદ્ધચરિયં એ બધી ચરિત કથાઓ છે જ્યારે સમરાઈચ્ચકહા, સિરિ-સિરિવાલકહા વગેરે ઔપદેશીક કથાઓ છે.

બાળજીવોને ચરિત કરતાં કલ્પિત કથા વધુ અસર કરે છે. એટલે ધર્મમાં સારી રીતે જોડાય છે. માટે કલ્પિતા કથાનું મહત્ત્વ ઘણું છે. સૌથી જુની કથા તરંગવતી તરંગ-લોલા છે. તે પછી સમરાંઈચ્ચકહા, ઉપમિતિભવપ્રપંચા કથા, કુવલયમાલા કહા, સુરસુંદરી કહા, સિરિસિરિવાલ કહા, તિલકમંજરી કથા વગેરે કથાઓ ઉત્તરોત્તર દરેક આચાર્યો રચતા આવ્યા છે.

ચરિતા અને કલ્પિતાનો ભેદ વિદ્વાનો જ સમજે છે, બન્ને ઉપયોગી હોઈ. આ બાબતમાં વધુ લખવું જરૂરી નથી. વસુદેવહિંડ ચરિત્ર તેમના શબ્દોમાં સંઘદાસ ગણિએ રચ્યું છે.

તેમાં અંતર્ગત ઘણાં ચરિત્રો ને કથાઓ આવે છે. તે પૈકી પદ્મશ્રી કે જે સુભુમ ચક્રવર્તિની ભાર્યા છે. તેનું વર્ણન કરાય છે.

આજ વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમાં અરિંજયપુર નામે નગર છે, તેમાં મેઘનાદ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીકાન્તા નામે પટ્ટરાણી હતી. વખત જતાં શ્રીકાન્તાને ગર્ભ રહ્યો. નવ માસ વ્યતીત થતાં તેણીએ એક પુત્રીને જન્મ આપ્યો. દોહદને સ્વપ્નાનું સારે તેનું પદ્મશ્રી નામ પાડયું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પદ્મશ્રી ભણી ગણીને યોગ્ય ઉંમરની થતાં મેઘનાદ તેના વરની ચિંતા કરવા લાગ્યો.

એક વખત તે રાજાની સભામાં દેવીલ નામે એક નિમિત્તિઓ આવ્યો. મેઘનાદ પદ્મશ્રીના વર માટે પુછતાં તેણે કહ્યું કે 'આ કન્યા ચક્રવર્તીની ભાર્યા થશે. દિર્વિતલક નગરના રાજા વજ્રપાણીએ પદ્મશ્રી ના રૂપ ગુણના વખાણ સાંભળી મેઘનાદ પાસે તેની માંગણી કરી. નિમિત્તિઆના કહેવા મુજબ મેઘનાદે વજ્રપાણીની માંગણી સ્વીકારી નહિ. તેથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. તેમાં મેઘનાદ પરાજિત થતાં સૈન્ય અને કુટુંબ સાથે પર્વત પરના એક કિલ્લામાં જઈને વસવાટ કર્યો અને સુખે રહેવા લાગ્યો.

હવે એજ વૈતાઢયની દક્ષિણ શ્રેણીમાં બહુકેતુમંડિત નામે નગર હતું. ત્યાં વીરબાહુ નામે રાજા રાજ્ય કરતો હતો તે રાજાને સુમના નામે રાણીથી અનુક્રમે ચાર પુત્રો થયા. તેનાં નામ અનંતવીર્ય, ચિત્રવીર્ય, વીરધ્વજ અને વીરદત્ત નામ પાડયાં. એક વખત તે નગરીમાં હરિશ્ચંદ્ર નામે પ્રખરવક્તા સાધુ મહારાજ પધાર્યા. વીરબાહુને વધામણી મળતાં તે પરિવાર સહિત વંદન કરવા આવ્યો. વંદન કરીને ધર્મોપદેશ સાંભળવા બેઠો. મુનિની અજોડ વૈરાગ્ય દેશના સાંભળી રાજા ધર્મ પામ્યો.

તે રાજાને યશોમતિ નામે રાણીથી વીરસેન નામે પુત્ર થયો હતો. રાજ્યને અંતે નરક જાણી રાજાએ દીક્ષાની ભાવના કરી. તેની સાથે સુમના રાણીના ચારે પુત્રો પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીક્ષા લેવા તૈયાર થયા. એટલે વીરસેનને રાજ્ય સોંપી ચારે પુત્રો સહિત વીરબાહુ રાજાએ હરિશ્ચંદ્ર અણગાર પાસે દીક્ષા લીધી. દુષ્કર તપ તપી વીરબાહુ રાજા કેવળ જ્ઞાન પામ્યા. આયુષ્ય પૂરૂ થતાં નિર્વાણ પામ્યા. તેમનો નિર્વાણ મહોત્સવ ઉજવી તેમના ચારે પુત્રો વિહાર કરી અમૃતધાર પર્વતે આવ્યા. ત્યાં રાત્રે કાઉસગ્ગ ધ્યાને રહ્યાં. શુભ અધ્યવસાયથી પહેલાં મુનિને કેવળ જ્ઞાન, બીજાને મનઃપર્યવ જ્ઞાન, ત્રીજાને અવધિ જ્ઞાન, અને ચોથાને પદાનુસારિલબ્ધી પ્રાપ્ત થઈ.

દેવોએ કેવળ જ્ઞાનનો મહોત્સવ કર્યો. તેની જાણ ત્યાં રહેલા મેઘનાદ રાજાને થતાં તે વંદન કરવા આવ્યો. વંદન કરી ધર્મોપદેશ સાંભળવા બેઠો. દેશના પૂરી થતાં મેઘનાદે પુત્રી સંબંધી હકીકત પૂછી કેવળી ભગવાને કહ્યું કે "તમારી પુત્રી ચક્રવતિની ભાર્યા થશે." તેના પૂર્વભવોનું વર્ણન કહું તે તમો ધ્યાન દઈને સાંભળો.

આજથી ચોથા ભવમાં મથુરા નામે નગરી પાસે સુદીત્ત ગામમાં સોમ બ્રાહ્મણની વસુમતી નામે ભાર્યાથી અંજનસેના નામે તે પુત્રી થઈ હતી તે દુર્ભગ નામ કર્મના ઉદયે વૃદ્ધ કુમારી થઈ. પછી નિર્વેદ પામી પરિવ્રાજિકા બની. અનુક્રમે ફરતી તે મથુરા આવી ત્યાં સાગરદત્ત શેઠની મિત્રશ્રી નામે સ્ત્રીને નાગસેન નામે વણિક ઇચ્છતો હતો. તેનો સમાગમ થાય તે માટે તે અંજનસેના પરિવ્રાજિકાની સેવા કરવા લાગ્યો. એક વખત સાગરદત્ત પરદેશ જતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે મિત્રશ્રી મેળવી આપવા પરિવ્રાજિકાને કહ્યું. તેણીએ કબુલ કર્યું. પછી તે મિત્રશ્રી પાસે જઈ અને ધીમે ધીમે સમજાવી નાગસેન ઉપર આશક્ત બનાવી. વખતો વખત નાગસેનને મિત્રશ્રીનો છુપી રીતે મેળાપ કરી આપતી હતી. રાજપુરુષો એ નાગસેનની ઈર્ષ્યાથી આ બધી હકીકત રાજાને જણાવી. રાજાએ નાગસેનનો વધ કરાવ્યો. અને અંજનસેનાનાં નાક કાન કાપી કાઢી મૂકી.

તે ઘોર અનશન કરી મરીને આમલકટક નગરમાં મહસેન રાજાની સુમનાદેવીના કુખે ઉત્પન્ન થઈ. તેનું સુષેણા નામ પાડયું, યોગ્ય ઉંમરે તેના માતાપિતાએ સનત્કુમાર ચક્રી સાથે પરણાવી. દુર્ભાગ નામ કર્મના ઉદયથી તે ચક્રવર્તીની અણમાનિતી થઈ. સનત્કુમાર ચક્રી ચારિત્ર લઈ દેવલોક ગયા. સુષેણા પણ ચારિત્ર પાળી સૌધર્મદેવલોકે ગઈ. ત્યાંથી ચ્યવી તારી પુત્રી પદ્મશ્રી થઈ છે. તે ચક્રવર્તીનું સ્ત્રીરત્ન થશે. મેઘનાદે કહ્યું કે તે ચક્રવર્તી હાલ કયાં છે ? કેવળી ભગવાને કહ્યું કે હસ્તિનાપુરના કાર્તવીર્ય રાજાની મહાદેવી તારાનો સુભુમ નામે પુત્ર કૌશિકઋષિના આશ્રમમાં મોટો થાય છે. મેઘનાદે કહ્યું કે તેને ત્યાં શું કારણથી રહેવાનું થયું છે ? કેવળીએ તેના વૈર કારણની ઉત્પત્તિનો સમગ્ર હેવાલ નીચે મુજબ કહ્યો :.

દક્ષિણાર્ધ ભરતમાં વારાણશી નગરી છે તે નગરીના રાજા અગ્નિશેખરને સંધમતી રાણીથી એક કુમારનો જન્મ થયો નૈમિત્તિકોને પુછી તેનું નામ પાડવા કહેતાં તે વખતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભરણી અને કૃતિકાની સંક્રાન્તિ હોવાથી તેના દેવ યમઃ અને અગ્નિ પરથી જમદગ્નિ નામ પાડ્યું. તે તાપસ તરીકે પ્રખ્યાત થઇ વિચરવા લાગ્યો. તે કાળે ધન્વંતરી અને વૈશ્વાનર નામે બે સાર્થવાહ હતા. તેમાં ધન્વંતરી શ્રાવક હતો. અને વૈશ્વાનર અજૈન. પણ તેનો મિત્ર હતો. ધન્વંતરી, વૈશ્વાનરને શ્રાવક ધર્મ પાળવા કહેતો હતો. પણ તેણે માન્યું નહિ. અંતે મરણ પામી વૈતાઢય પર્વતમાં સોમલોકપાલનો આભિયોગિક દેવ થયો. ધન્યંતરી શ્રાવક મરીને અચ્યુત દેવ થયો. નંદીશ્વરદ્વીપમાં તે બન્નેનો મેળાપ થતાં અચ્યુત દેવે તેને પૂછ્યું કે "તું મને ઓળખે છે." આભિયોગિક દેવે કહ્યું કે "તમને ઓળખવાની મારી શી શક્તિ ?" ત્યારે તેણે કહ્યું કે "હું તારો ધન્વંતરી મિત્ર શ્રાવક ધર્મ પાળી અચ્યુત કલ્પમાં ઉત્પન્ન થયો છું. તેં મારા ઉપર શ્રદ્ધા ન કરી તેથી નોકર દેવ થયો છું." તેણે કહ્યું કે "મે તાપસ ધર્મ બરાબર પાળ્યો નહિ તેથી અલ્પઋદ્ધિવાળો થયો છું." ત્યારે અચ્યુત દેવે કહ્યું કે આપણે તે તાપસ ધર્મની પરીક્ષા કરીએ.

એમ કહી બન્ને નરમાદા પક્ષીનાં રૂપ ધારણ કરી જમદગ્નિની દાઢીમાં માળો કરી રહ્યા. મનુષ્ય ભાષામાં નર-માદાને કહેવા લાગ્યો કે હું મારા માતાપિતાને મળવા હિમવંતપર્વત પર જાઉં છું તું અહીં રહેજે. તેણીએ કહ્યું કે તમે બીજી મારા જેવી મળશે તો ભૂલી જશો અને પાછા નહિ આવો માટે હું સાથે આવીશ. નરે કહ્યું કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તું કહે તેવા સોગન આપીને જાઉં ત્યારે માદાએ કહ્યું કે જો તમે પાછા ન આવો તો આ ઋષિના પાપથી લેપાઓ, આ સાંભળી ઋષિને ક્રોધ થતાં નરમાદાને પકડી કહ્યું કે હું બ્રહ્મચારી હજાર વર્ષથી તપ કરું છું તો પાપી કેમ કહો છો? તેઓએ કહ્યું કે તમે સંતાન વગરના છો, અપુત્ર સ્યગતિર્નાસ્તિ એવો તમારો મત છે. તેથી વિચાર કરો કે તમે પાપી છો કે નહિ? જમદગ્નિએ વિચાર્યું કે ખરેખર મારે પુત્ર થાય તો જ મારી ગતિ સુધરે એવું વિચારી કન્યા મેળવવા પોતાના મામા ઈન્દ્રપુરના રાજા જિતશત્રુ પાસે આવી કન્યાની માગણી કરી. રાજાએ મંત્રી સાથે વિચારણા કરી કહ્યું કે કન્યાઓને સ્વયંવર આપેલ હોવાથી જે તમને ઇચ્છે તેને લઈ જાઓ, એક પછી એક કન્યાઓને પૂછતાં સૌએ ના પાડી. તેથી તે બધીને કુબ્જા બનાવી ત્યારથી તે નગરીનું નામ કાન્યકુબ્જ થયું.

એક નાની કન્યા રેણુમાં રમતી હતી. તેને ફળ બતાવી લોભાવી તે કન્યા એ ફળ લેવા હાથ લાંબો કર્યો એટલે આ કન્યા મને વરી એમ કહી તેને પાત્રામાં નાંખી ચાલ્યો. મંત્રીઓએ કહ્યું કે, "કન્યાનું શુલ્ક ચૂકવીને જાઓ. એટલે મંત્રીઓના આગ્રહથી સર્વે કન્યાઓનું સ્વભાવીક રૂપ કરી દીધું. તેના ગયા પછી રાજાએ તે કન્યાની ધાત્રી ને તથા બત્રીસ ગાયો ને આશ્રમમાં મોકલી તે કન્યાનું રેણુકા નામ પાડી ઉછેરવામાં આવી.

આ બાજુ મિથિલા નગરીમાં પદ્મ રથ રાજાએ વાસુ

પૂજ્ય મુનિ પાસે ધર્મ સ્વીકારેલ. તેઓ હાલ ચંપાનગરીમાં વિચરતા હતા. પદ્મરથ તેમને વંદન કરવા નિકળ્યો. તે વખતે પેલા બે દેવોએ તેની પરીક્ષા કરવા તેના તથા મંત્રીઓના શરીરમાં રોગો ઉત્પન્ન કર્યા. તેથી કેટલાક મંત્રીઓએ રાજાને ચંપાનગરીમાં જતાં અટકાવ્યા. રાજાએ કહ્યું કે, "હું કોઈને બળાત્કારે લઈ જતો નથી. ભલે ! હું એકલો જઈશ. પરંતુ લીધેલો અભિગ્રહ મરણાંતે પણ છોડીશ નહિ. રસ્તામાં દેવોએ ઘણા ઉપસર્ગો કર્યા પણ તે પાછો ફર્યો નહિ. તેથી બન્ને દેવો તેને નમી પડયા ને પોતાના સ્થાને ગયા. આ રીતે વૈશ્વાનર દેવને અચ્યુત દેવે ધર્મ પમાડયો.

રેણુકા ઉંમર લાયક થતાં જમદગ્નિ તેને પરણ્યો. એક વખત પુત્રની ઇચ્છાવાળી જિતશત્રુ રાજાની પટ્ટરાણી રેણુકાની માતા રેણુકાને મળવા આવી. રેણુકાને કહ્યું કે જમદગ્નિ પાસેથી મને પુત્ર થાય તેવો મંત્રથી સાધીને ચરૂ (સોપારી) અપાવ. રેણુકાએ તે વાત જમદગ્નિને કહી તેથી જમદગ્નિ એ બે ચરૂ સાધ્યા. એક રેણુકા માટે અને બીજો તેની માતા માટે. રેણુકાએ વિચાર્યું કે હું તો આશ્રમમાં ઉછરી પણ મારો પુત્ર તેવો ન થાય માટે ચરૂની અદલા બદલી કરી. સમય જતાં રેણુકાએ રામને જન્મ આપ્યો.

એક વખત માંદા નવ દીક્ષિત સાધુ સાર્થથી વિખૂટા પડેલા જમદગ્નિના જોવામાં આવતાં તેમને આશ્રમમાં લાવી સાજા કર્યા. તેથી સાધુએ તેના પર પ્રસન્ન થઈ અપ્રતિહત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્યાં આપી, જમદગ્નિએ તે વિદ્યા સાધી. પરીક્ષા માટે પરશુમંત્રોને પદ્મ સરોવરમા નાખતાં સરોવર સુકાઈ ગયું. પછી તે પરશુ લઈ પુત્રની સાથે જંગલમાં ફરવા લાગ્યો.

એકવાર હસ્તિનાપુરનો રાજા અનંતવીર્ય આશ્રમમાં આવ્યો. તે ગાયોની સાથે રેણુકાને પણ લઇ ગયો. આ જાણી જમદગ્નિએ પરશુ આપી રામને મોકલ્યો. રામે અનંતવીર્યને મારી રેણુકા તથા ગાયોને પાછી લાવ્યો. અનંતવીર્યનો પુત્ર કાર્તવીર્ય રાજા થતાં પિતાનું વેર વાળવા બધા રાજાઓને એકત્ર કરી કહ્યું કે જો રામની ઉપેક્ષા કરવામાં આવશે તો તે સર્વનો વિનાશ કરશે. તેથી તેઓ આશ્રમમાં આવી જમદગ્નિને મારીને જતા રહ્યા. આથી ક્રોધ પામેલા રામે પરશુથી કાર્તવીર્યને માર્યો તેથી બધા રાજા પલાયન કરી ગયા. પછી તે હસ્તિનાપુર આવ્યો અને ત્યાંનો રાજા બન્યો. ત્યાં મહર અને શાંડીલ્ય મંત્રીઓ વડે લઇ જવાએલી કાર્તવીર્યની સગર્ભા પત્ની તારાએ કૌશિકરૂષીના આશ્રમમાં પુત્રને જન્મ આપ્યો, ગર્ભ ઊંધે માથે પડવાથી તેને માટી ખાતો જોઈ તેનું સુભુમ નામ પાડયું. ને ભોંયરામાં ઉછેરવામાં આવ્યો.

રામની પરશુ ક્રૂરદેવે અધિષ્ઠિત કરતાં રામે ઘણા ક્ષત્રીયોને માર્યા તેની દાઢો ભેગી કરી થાળ ભર્યોને સભામાં મુકાવ્યો. સુભુમ મોટો થતાં રામનો વિનાશ કરી ટુંક સમયમાં ભારતનો રાજા થશે એવું કેવળી ભગવાને કહ્યું. આ સાંભળી મેઘનાદ પોતાના નગરમાં ગયો. હવે એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વખત રામે નિમિત્તિઆને પુછયું કે મારો વંશ રહેશે કે કેમ ? તેણે કહ્યું કે જેની હાજરીમાં પરશુ ઠંડી પડી જશે અને જે દાઢોનું ભોજન કરશે તેનાથી તારો વિનાશ થશે. આ તરફ મેઘનાદ પણ કૌશિકાશ્રમમાં જઈને સુભુમની ખબર લેતો હતો. એક વખત હસ્તિનાપુરમાં એક હજાર તાપસોનું ભોજન હોવાથી સુભુમ માતા પાસે ત્યાં જવાની રજા માંગી. માતાએ કહ્યું કે શિરામણ કરીને જા. એમ કહી ઘેબર તૈયાર કરવા લાગી. જવાની ઉતાવળથી સુભુમે તાવડીમાં હાથ નાખ્યો. તે દાઝે નહિ માટે તાવડી ખેંચી લેતાં ઉકળતું ઘી સુભુમ પર પડયું. પણ તેને કંઇપણ ઈજા થઈ નહિ. પાસે ઉભેલા મેઘનાદે કહ્યું કે તે દેવાધિષ્ઠિત હોવાથી તેના શરીરમાં વિષશસ્ત્રઅગ્નિનો ઉપદ્રવ થશે નહિ. સુભુમ હસ્તિનાપુર ગયો.

સભા મંડપમાં તેણે દાઢોનો થાળ મુકેલો જોતાં જ તેની ખીર બની ગઈ. તે ખીર ખાવા લાગ્યો. એટલે સંકેત મુજબ બ્રાહ્મણો સુભુમને મારવા લાગ્યા. સુભુમ તેનો સામનો કરતો હતો તેવામાં રામ પરશુ લઈને આવ્યો. સુભુમને જોતાં તેની પરશુ ઠંડી પડી ગઇ. સુભુમે રામની સામે સુવર્ણનો થાળ ફેંકયો. તે ચક્ર રૂપ બની જતાં રામનું માથું કપાયું. સુભુમનો જય જય કાર થયો. મેઘનાદને વિદ્યાધરોએ સુભુમનો રાજ્યાભિષેક કર્યો. પછી મેઘનાદે પોતાની કન્યા પરણાવી સુભુમે તેને વિદ્યાધર ચક્રવર્તી બનાવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુભુમે પાંચ હજાર વર્ષ કુમારપણે, પાંચ હજાર વર્ષ માંડલીક રાજાપણે અને પચાસ હજાર વર્ષ ચક્રવર્તીપણે ગાળ્યાં બ્રાહ્મણો પરના વેરથી એકવીસવાર ન બ્રાહ્મણી પૃથ્વી કરી. રામની બીકથી જે ક્ષત્રિયો જંગલમાં નાસી ગએલા તેઓને બોલાવી રાજ્ય આપ્યું. એક વખત સુભુમે બીન અપરાધી રસોયા ચિત્રસેનને માર્યો, તેથી તેણે તાપસીદીક્ષા લઇ સુભુમ પર વેર લેવાનું નિયાણું કરી મરીને જ્યોતિષી દેવ થયો. રાજાનું વેર વાળવા સુભુમ ચક્રવર્તી જ્યારે બીજા છ ખંડ જીતવા જતો હતો અને રત્નોએ સુભુમનો ત્યાગ કર્યો હતો ત્યારે તેને સમુદ્રમાં ડુબાડી મારી નાખ્યો. સુભુમ ને રામ બન્ને મરી સાતમી નરકે ગયા. રાજ્યને અંતે નરક લખાએલી છે. તેથી રાજાઓ છેલ્લી અવસ્થામાં દીક્ષા લઇ આત્મ સાધન કરતા હતા.

## જાતિમદ ઉપર વિભાવસુની કથા

ગંધાર દેશમાં ગંધારપુર નગરે સોમવસુ પુરોહિતને વિભાવસુ નામે પુત્ર હતો. તે એક દિવસ કામદેવના મહોત્સવ પ્રસંગે ચૌટામાં વસંત ક્રીડાને અનુભવતો હતો ત્યારે નજીકમાંથી જતી ધોબીની મંડળી જોઇને તેણે જાતિકુલ વગેરેના મદથી આ નીચ જાતિની ટોળી અમારી નજીક કેમ આવે છે. એમ કહી તે ધોબીની ટોળીને હેરાનગતિ પમાડી. પોતે આગળ પડતો લાગવગને સત્તાવાળો હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉષદત્ત ધોબીને કદર્થના કરવા માટે દોરડાથી સર્વ ગાત્રો બંધાવી કેદખાનામાં પુરાવ્યો. આ વખતે અભિમાનથી તેણે નીચ ગતિ, જાતિ, કુળનું આયુષ્ય બાંધ્યું. કામદેવનો મહોત્સવ પૂર્ણ થયા પછી નગરના લોકોએ પેલા ધોબીને છોડાવ્યો. તે ધોબીના ત્યાં મધુપીંગા નામની ઘર કૂતરી હતી તેના ગર્ભમાં વિભાવસુનો જીવ અભિમાનના કારણે મરીને ઉત્પન્ન થયો. તેને ઉષદત્ત પૂર્વના વેરથી મજબૂત દોરડાથી જકડીને બાંધી રાખે છે. ભૂખથી દુર્બળ દેહવાળો ધોબીની કુંડી નજીક ગધેડાની ખરીના પ્રહારથી ભય પામેલો તે અત્યારે ભયંકર અવસ્થા ભોગવી રહેલો છે. તેના શરીરમાં સેંકડો કીડાઓ ખદબદી રહ્યા હતા.

કીડાઓએ શરીર ફોલીને ઊંડા ઘા પાડેલા હતા એવા તે કૂતરાને ત્યાં રહેતા શેઠના છોકરાએ જોયો. તેને દયા આવવાથી થોડું ખાવાનું આપ્યું. ત્યારે તે કૂતરો લાંબી પૂંછડી હલાવતો ઊંચી ડોક કરી રડવા જેવો શબ્દ કરવા લાગ્યો. તેથી શેઠના પુત્રને તેના પર પૂર્વ પરિચયથી સ્નેહ ઉત્પન્ન થયો. તેનું કારણ જાણવા ત્યાં પધારેલા કેવળી ભગવંતની પર્ષદામાં જઈ તે શેઠના પુત્રે કૂતરાની હકીકત પૂછતાં ભગવંતે કહ્યું કે પૂર્વે તું કુસુમપુર નગરમાં કુસુમસાર શેઠનો પુત્ર હતો. અને આ કૂતરો તારી શ્રીકાન્તા નામે અત્યંત વહાલી પત્ની હતી. ત્યાંથી મરીને તું આગંધારપુર નગરમાં શેઠનો પુત્ર થયો. ને તારી પત્ની મરીને પુરોહિતનો પુત્ર વિભાવસુ થયો. તમારે બન્નેને મૈત્રી થઈ. પછી તે જાતિમદના કારણે મરીને કૂતરો થયો. પૂર્વ પરિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિતથી તમને બન્નેને પરસ્પર સ્નેહ ઉત્પન્ન થયો છે. હવે તે કૂતરો મરીને આજ ધોબીના ઘરે ગધેડીના ગર્ભમાં ઉત્પન્ન થશે. તે ગધેડા ધોબીને અણગમતો હોવાથી તેના પર ઘણો ભાર ભરી ખાવા પણ પૂરું આપશે નહિ. ત્યાંથી મરી ઉપદત્ત ધોબી સાથે સંગત થએલી અનધિકા નામે ચંડાલણીની કુક્ષીએ નપુંસકપણાએ ઉત્પન્ન થશે. તેને કોઈ સિંહ ફાડી ખાશે ત્યાંથી મરી ફરી તેજ ચંડાલણીની કુક્ષીએ સ્ત્રી પણે ઉત્પન્ન થશે, બાળપણમાં જ સર્પના દંશથી મરણ પામી તે ધોબીની દત્તિકા નામે દાસીની કુક્ષીમાં નપુંસક પણે ઉત્પન્ન થશે, તે જન્માંધ અને ઠીંગણો હોઈ સર્વલોકથી પરાભવ પામી નગર દાહના અગ્નિમાં મરી તેજ દાસીની કુક્ષીમાં સ્ત્રી પણે ઉત્પન્ન થશે.

પગ વિનાની તે વાંસો ઘસડતી ચાલશે, તે રાજમાર્ગમાં મત્ત હાથીથી છૂંદાઈને મરી જશે ને તેજ ધોબીની સ્ત્રીની કુક્ષીમાં પુત્રી પણે ઉત્પન્ન થશે. યુવાવસ્થા પામતાં ઉપરક્ષિત નામે ધોબી સાથે તેનાં લગ્ન થશે, પ્રસૂતિની વેદનાથી મરણ પામી. તેજ ધોબીના પુત્રપણે ઉત્પન્ન થશે. બાળપણામાં ગંધાર નદીના કાંઠે ક્રીડા કરતાં તેના પિતાનો શત્રુ તેને પકડી ગળે શીલા બાંધી ધરામાં ફેંકી દેશે. ત્યાં શુભ ભાવથી મરી. વાણવ્યંતર દેવ થશે. તે ભવમાં આનંદ નામે તીર્થંકરની દેશના સાંભળી સમક્તિ પામશે. તે પછી ચારે ગતિમાં સંખ્યાના ભવભમી આજ ગંધાર દેશનો રાજા થઈ દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી મુક્તિ મેળવશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## અવધિજ્ઞાની મુનિએ કહેલી આત્મકથા.

પૂર્વે ચંપાવાસ નગરમાં સુધનુ નામે કૌટુંબીકને ધન શ્રી નામે પત્નીથી હું સોમા નામની પુત્રી હતી. યુવાવસ્થા પામતાં નંદ સાર્થવાહના પુત્ર રુદ્રદેવ સાથે મારાં લગ્ન થયાં. અમો બન્ને વિષય સુખનો અનુભવ કરી રહ્યા હતા. એક વખત હું સાસરેથી પિયર જતી હતી ત્યારે રસ્તામાં વિહાર કરીને આવતા સાધ્વીજી મહારાજને જોઈ મને ઘણો આનંદ થયો. મેં વંદન કર્યું, ઉપાશ્રયે જઈ ધર્મોપદેશ સાંભળી મેં સમકિત પ્રાપ્ત કર્યું. મને સંસાર કેદખાના જેવો લાગ્યો. મારા પતિ મને સંસાર સુખથી વિરક્ત જોઈ દ્વેષ કરવા લાગ્યા અને મને મળેલો ધર્મ છોડાવવા મારી સાથેનો સંબંધ છોડી નાગદેવ સાર્થવાહની નાગશ્રી કન્યાની માંગણી કરી. તે સાર્થવાહ મારા પિતાના મિત્ર હોવાથી તેની માંગણી સ્વીકારી નહિ. તેથી મને મારવા એક ઘડામાં સર્પ રાખી અંધારે મૂકાવી રાખ્યો.

રાત્રે તેણે મને કહ્યું કે અંદર રહેલા નવીન ઘડામાંથી પુષ્પમાળા લાવ. તેનું માયા ચરિત્ર નહિ જાણતી હું તે ઘડા પાસે ગઈ. ઘડા પર ઢાંકેલું બીજોરૂં ભૂમિ પર મુકી અંદર હાથ નાખી જ્યાં માળા લેવા જાઉ છું ત્યાં માળાના બદલે સર્પ હાથમાં આવ્યો. તે મને ડંખ્યો. અત્યંત ભય પામેલી હું તેનો જલ્દી ત્યાગ કરી પતિ પાસે પહોંચી. મને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્પ કરડયો એમ કહ્યું. કપટી રુદ્રદેવ દેખાવ પૂરતો આકુળ વ્યાકુળ બની કોલાહલ કરવા લાગ્યો. ઝેર પ્રસરવાથી હું મરણ પામી. પહેલા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થઇ. મારો પતિ રુદ્રદેવ નાગદેવ સાર્થવાહની પુત્રી સાથે લગ્ન કરી ભોગો ભોગવી પહેલી નરકમાં નારકી ગયો. દેવલોકમાંથી ચ્યવી હું હાથી થયો. રુદ્રદેવ નરકમાંથી નીકળી પોપટ થયો. હાથિણીઓથી પરિવરેલ હું ક્રીડા કરતો હતો. મને જોઈ તે પોપટને વૈરભાવ જાગ્યો. તેથી મને ભોગ સુખમાંથી કેમ વંચિત કરવો તેનો વિચાર કરવા લાગ્યો.

તેવામાં એક વિદ્યાધર બીજા વિદ્યાધરની બહેનનું હરણ કરી પોપટ પાસે આવી કહ્યું કે હું આ પર્વતની વૃક્ષઘટામાં છુપાઈ રહું છું. મારી પાછળ કોઇ વિદ્યાધર આવે તો તારે મારા ખબર ન આપતા. તેના ગયા પછી મને કહેવું એમ કરીશ તો તે ઉપકારનો બદલો વાળી આપીશ. એમ કહી તે છુપાઈ ગયો. બીજો વિદ્યાધર ત્યાં આવી તપાસીને ગયો. તે જ વખતે હું પણ હાથીણીઓ સાથે ત્યાં આવ્યો મને દેખી પોપટે વિચાર્યું કે ઠીક લાગ આવ્યો છે. પછી તે મને સંભળાય તે રીતે પોતાની મેનાને કહેવા લાગ્યો કે અહિ સર્વકામિત નામનું પતન સ્થાન છે. આપણે જેવી ઇચ્છા કરીએ તેવું રૂપ આ સ્થાનથી પડિએ તો થાય મેનાએ કબૂલ કરવાથી બન્ને તે સ્થળે ગયાં. પોપટે વિદ્યાધરને કહ્યું કે બીજો વિદ્યાધર આવીને ગયાં, એટલે તે વિદ્યાધર સ્ત્રીને લઈને નીકળ્યો. અમે તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઊડતો જોઈ મેં વિચાર્યું કે પોપટનું યુગલ આ પર્વત સ્થાનથી પડીને વિદ્યાધર યુગલ બની ઊડી ગયો તો અમે પણ દેવપણાનો સંકલ્પ કરી પડીએ તો જરૂર દેવ થઈએ. એમ ધારી મારી પત્નીઓને સમજાવી અમો બધા ખીણમાં પડયા. એટલામાં પેલું પોપટ યુગલ ઊડી ગયું એની અમને ખબર પડી નહિ. પણ અમારા અંગોપાંગના ચૂરેચૂરા થઈ ગયા. હું મરીને વ્યંતરદેવ થયો. અને પોપટ મરીને પહેલી નરકમાં ગયો.

હું વ્યંતરનું આયુ પૂર્ણ કરી ચક્રવાલપુરમાં ચક્રદેવ પણે ઉત્પન્ન થયો. પોપટનો જીવ નરકમાંથી નીકળી. યજ્ઞદેવ થયો. ભવિતવ્યતાને લીધે અમારા બન્નેની મૈત્રી થઈ પણ તે મનમાં કપટ રાખી મૈત્રી બતાવતો હતો. હું સરળતા રાખતો છતાં તે મારી સંપત્તિની ઈર્ષ્યા કરતો, મને ઠગવા માટે મારાં છિદ્ર ખોળવા લાગ્યો. છિદ્ર ન મળવાથી તેણે ચંદન સાર્થવાહના ઘરમાંથી વસ્તુ ચોરી લાવી મને કહ્યું કે હે મિત્ર ? આ વસ્તુ પ્રયત્ન પૂર્વક સાચવીને મૂકી રાખ. અયોગ્ય કાળે લાવેલી વસ્તુ માટે શંકા થતાં પણ મેં મિત્રની દાક્ષિણ્યતાથી તે સાચવી રાખી. નગરમાં વાત પ્રસરી કે ચંદન સાર્થવાહના ઘરમાં ચોરી થઈ. મને શંકા થતાં મેં યજ્ઞદેવને પૂછયું કે તેં મૂકેલી વસ્તુ કોની છે ? તેણે કહ્યું કે મેં તને મારી વસ્તુ પિતાના ભયથી રક્ષણ કરવા આપી છે. તેમાં કંઈ ફેરફાર નથી પછી મારી શંકા દૂર થઈ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે ચંદન સાર્થવાહે રાજાને ચોરી થવાનું જણાવતાં તેણે જે વસ્તુ ચોરાઈ હતી તે બધી લખીને આપી. પછી રાજાએ નગરમાં ઘોષણા કરાવી કે ચંદન સાર્થવાહની આ વસ્તુ ચોરાઈ છે. તે કોઈની પાસે લેવડદેવડમાં આવી હોય તો રાજાને જણાવો. પાછળથી જેના ઘરમાંથી વસ્તુ મળી આવશે તેનું સર્વધન રાજા લઈ તેને કેદમાં પૂરશે અને કોઈ પ્રકારે માફી નહિ મળે. ઘોષણા થયા પછી પાંચમા દિવસે યજ્ઞદેવે રાજાને જણાવ્યું કે હે દેવ ? મિત્રના દોષ કહેવા તે ઠીક નથી પણ લોકોનું અને રાજાનું હિત જાણનારે ઉપેક્ષા કરવી જોઈએ નહિ તેથી કહેવું પડે તેમ છે કે ચક્રદેવ મારો મિત્ર હોવા છતાં તેના પરિવાર પાસેથી મેં સાંભળ્યું છે કે ચંદન સાર્થવાહના ઘરમાંથી ચક્રદેવે ચોરી કરી પોતાના ઘરમાં જ વસ્તુ છુપાવી છે.

રાજાએ કહ્યું તે ઉત્તમ કુળમાં જન્મેલો આવું કામ કરે નહિ. યજ્ઞદેવે કહ્યું કે લોભને આધીન મનુષ્યો શું કરતા નથી તેના ઘરની જડતી લેવડાવો એટલે તરત ખબર પડશે. રાજાએ કહ્યું કે આ વાત ઠીક છે. પછી રાજાએ અમલદારોને મારા ઘેર તપાસ કરાવવા મોકલ્યા તેઓએ મને કહ્યું કે લેવડદેવડ કરતાં ચંદન સાર્થવાહની કોઈ વસ્તુ તારા ઘેર આવી છે ? મેં ના કહ્યું ત્યારે તેઓએ કહ્યું કે તમે ખોટું લગાડશો નહિ અમે રાજાના હુકમથી તમારા ઘેર તપાસવા આવ્યા છીએ. મેં કહ્યું ખુશીથી તપાસો. પછી રાજપુરુષોએ તપાસ કરતાં ચંદનના નામવાળું સુવર્ણભાજન



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેખ્યું. સાથે લાવેલ ચંદન સાર્થવાહના ભંડારીને બતાવતાં તેણે કહ્યું કે તેના જેવું લાગે છે. એટલે અધિકારીઓએ ચોરાયેલી વસ્તુનું લિસ્ટ વાંચતાં લખ્યા પ્રમાણે વસ્તુ મળી આવવાથી તેઓએ મને કહ્યું કે આ વસ્તુ તારી પાસે ક્યાંથી આવી ? મેં કહ્યું કે મને ખબર નથી. તેઓએ કહ્યું કે આ સિવાય બીજી કોઈ વસ્તુ છે ? મેં ના પાડવાથી કોટવાલ મને પકડી રાજા પાસે લઈ ગયો.

રાજાએ કહ્યું કે તું ઉત્તમ કુળનો ને નીતિપરાયણ હોવાથી ચોરી કરે નહિ તો સાચી વાત કર. મિત્રનું હિત સમજી હું કાંઈપણ બોલ્યો નહિ. તેથી મારા પિતાની શરમથી મને દેશ નિકાલ કરવામાં આવ્યો. રાજપુરુષો મને નગર બહાર લઈ જઈ દેવતાના વન પાસે છોડી મૂક્યો. મને થયું કે આવો અપયશ પ્રાપ્ત કરી જીવીને શું કરવું એમ વિચારી આત્મઘાત કરવા વડના ઝાડ પર ચઢયો તેવામાં વન દેવતાએ મારી વાત સાચી જાણી મને ઉગારવા રાજમાતાના શરીરમાં પ્રવેશ કરી યજ્ઞદેવે ચોરી કરી ચક્રદેવ ઉપર ઢોળાવા આ કાવતરું રચ્યું છે. માટે આત્મઘાત કરવા તૈયાર થયેલ ચક્રદેવને સન્માનપૂર્વક નગરમાં પ્રવેશ કરાવો એમ કહ્યું.

રાજાએ દુરાચારી યજ્ઞદેવને પકડી લાવવાનો હુકમ કરી હાથી પર બેસી રાજા નગર બહાર ઉદ્યાનમાં આવી મારો ગળાફાંસો છોડાવી મને હાથી પર બેસાડી કહ્યું કે, અરે ચક્રદેવ ? મેં પુછયું છતાં તે સાચી હકીક્ત કેમ ન કહી. આ બાબતમાં ગુન્હેગાર યજ્ઞદેવ જ છે. તું નિર્દોષ છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ વનદેવતાએ માતાજીના શરીરમાં પ્રવેશ કરી જણાવ્યું છે. મેં કહ્યું કે યજ્ઞદેવની પણ આપ પૂરી તપાસ કરશો તેનામાં આવું આચરણ સંભવતું નથી. રાજાએ કહ્યું કે તેની પુરતી તપાસ કરી છે. તેટલામાં રાજપુરૂષો યજ્ઞદેવને પકડી રાજા પાસે લાવ્યા. રાજાએ તેની જીભ છેદી આંખો ફોડી નાખવા હુકમ કર્યો. યજ્ઞદેવ ગભરાયો. મેં રાજાના પગમાં પડી વિનંતી કરી કે હે દેવ ? તેના અપરાધની ક્ષમા આપી છોડી દો ? રાજાએ કહ્યું કે તું આ ઠીક કરતો નથી. આ શિવાય બીજી જે માગણી કરવી હોય તે કર ? મેં કહ્યું કે મારા પ્રત્યે બહુ માન હોય તો આ જ વાત સ્વિકારો. રાજાએ કહ્યુ કે તારૂં વચન ઉલ્લંઘી શકતો નથી. મેં આપની મહાકૃપા એમ કહી યજ્ઞદેવને છોડાવ્યો. રાજાએ મને સન્માન પૂર્વક ઘેર મોકલ્યો. લોકો યજ્ઞદેવની નિંદા કરવા લાગ્યા અને મારા વખાણ કરવા લાગ્યા. મને સંસાર ઉપર વૈરાગ્ય થવાથી મેં અગ્નિભૂતિ આચાર્ય પાસે દીક્ષા લઈ હું ગીતાર્થ બન્યો. પછી ઉગ્ર તપ તપી પાંચમાં દેવલોકમાં નવ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. યજ્ઞદેવ બીજી નરકમાં ત્રણ સાગરોપમના આયુષ્યવાળો નારક થયો. દેવળવમાંથી ચ્યવીને હું રત્નપુરમાં રત્નસાગર સાર્થવાહની શ્રીમતી ભાર્યાની કુક્ષીએ ચંદ્રસાર નામે પુત્ર થયો.

યજ્ઞદેવ નરકમાંથી નીકળી શિકારી કુતરો થઈ ફરી નરક તિર્યંચના ઘણા ભવો કરી માતાની ગૃહદાસી નર્મદાના પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું અધન્યક નામ પાડયું. મોટો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થતાં અમે બન્ને મિત્રો બન્યા. તેથી બહારગામ સાથે ફરવા ગયા. પાછા ફરતાં જોયું તો નગરનો રાજા મૃત્યુ પામવાથી વિન્ધ્યકેતુ નામે ભીલપતિ નગરમાં લુંટ કરી કેટલાક માણસો સાથે મારી સ્ત્રી ચંદ્રકાન્તાને પણ પકડી ગયો હતો. હું તેના વિયોગથી દુઃખી થયો ત્યારે એક વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે તું ચિંતા ન કર ? તે ભિલ લોકોને પૈસા આપવાથી પકડેલાં માણસોને પાછાં સોંપી દે છે. તેથી હું અધન્યકને સાથે લઈ દ્રવ્ય તથા ભાતું તૈયાર કરી મારી પત્નીને છોડાવા નિકળ્યો. રસ્તામાં અધન્યકને મારી પાસે કીમતી રત્નો જોઇ ઠગવાની બુદ્ધિ થઈ. અમો બન્ને ભાતાનો ડબ્બો તથા રત્નની પોટલી વાસફરતી ઉપાડતા હતા. સૂર્યાસ્ત સમયે એક કુવા પાસે આવ્યા ત્યારે મારા હાથમાં ભાતાનો ડબ્બો ને અધન્યકના હાથમાં રત્નની પોટલી હતી તેણે વિચાર્યું કે "આને કૂવામાં નાખું તો બધાં રત્નો મને મળે તેથી મને કહ્યું કે "ભાઈ મને તરસ બહુ લાગી છે. આ કૂવામાં પાણી છે કે નહિ તે જુઓને ! હું કૂવો જોવા ગયો. તેણે પાછળથી આવી મને ધક્કો મારી કૂવામાં પાડી તે નાસી ગયો.

કૂવામાં પડવાથી અવાજ થતાં ઊંચા સ્વરે કોઈ નમો અરિહંતાણં બોલ્યું. સ્વર ઉપરથી આ શબ્દ મારી સ્ત્રીનો લાગ્યો. મેં કહ્યું કે જિનશાસન પામેલાને અભય હો ? તેણીએ પણ મારો શબ્દ ઓળખ્યો ને રોવા લાગી. મેં કહ્યું તું અહીં ક્યાંથી ? તેણીએ કહ્યું કે ભીલ લોકોએ અહીં પડાક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાખ્યો હતો. મેં શીલનું રક્ષણ કરવાના વિચાર કરી, હું આ કૂવામાં પડી ધર્મના પ્રભાવથી આ બખોલામાં જીવતી રહી છું, પછી તેણીએ પૂછતાં મેં બધી વાત કહી. તેણીએ કહ્યું કે અધન્યકે બહુ ખરાબ કર્યું. મેં કહ્યું કે તેણે આપણો ભેટો કરી આપ્યો માટે ઉપકારી ગણવો જોઈએ. પછી અમે બન્ને જણાએ અલ્પ નિદ્રાથી રાત્રી પસાર કરી. સૂર્યોદય થયો એટલે મેં તેને ભાતું આપ્યું. તેણીએ કહ્યું કે તમારા ખાધા વિના હું કેમ ખાઉં ? એટલે અમે બન્ને એ સાથે ભોજન કર્યું. કેટલાક દિવસો પસાર થતાં ભાતું ખૂટી ગયું. અમો ચિંતા કરવા લાગ્યા કે આ કૂવામાંથી કયારે ઉદ્ધાર થશે ? સદ્‌ભાગ્યે તે જ વખતે રત્નપુર નિવાસી નંદીવર્ધન સાર્થવાહનો કાફલો ત્યાં આવ્યો. તેઓ પાણી કાઢવા કૂવામાં દોરડાં નાખતાં અમોને જોયા સાર્થવાહને વાત જણાવતાં માંચી મંગાવી અમોને બહાર કાઢયા અને અમોને ઓળખીને સાથે લીધા. રસ્તામાં રત્નની પોટલી જોઈ અને થોડે દૂર સિંહે ફાડી ખાધેલા અધન્યકનું કલેવર હાડપિંજર માત્ર જોવામાં આવ્યું.

કર્મના પરિણામનો વિચાર કરતો હું રત્નપુર પહોંચ્યો. ત્યારે વિજયવર્ધન આચાર્યદેવ પધારતાં મેં તેમની પાસે દીક્ષા લીધી. ચારિત્ર પાળી કાળ કરી સાતમા દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યે હું દેવ થયો. અધન્યક ત્રીજી નરકે સાત સાગરોપમના આયુષ્યે નારક થયો. દેવભવમાંથી ચ્યવી હું રથવીરપુરમાં નંદીવર્ધનનો પુત્ર અનંગદેવ નામે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો. અધન્યકનો જીવ નરકમાંથી નીકળી સિંહ થયો ફરી નરકે ગયો પછી તિર્યંચના ઘણા ભવો કરી સોમસાર્થવાહ નો પુત્ર ધનદેવ નામે થયો. બાલ્યકાળથી અમારા બન્ને ને મૈત્રી થઈ. અમે યૌવનવય પામ્યા અને ધન કમાવા રત્નદ્વીપે ગયા. રત્નો કમાવી પાછા ફરતાં ધનદેવે વિચાર્યું કે અનંગદેવને કેવી રીતે ઠગું તો બધાં રત્નો મળે, તેને ભોજનમાં ઝેર આપું તો ટાઢાં પાણીએ ખસ જાય એમ વિચારી એક ગામમાં આવી તે ભોજન લેવા બજારમાં ગયો. લાડવા બનાવી એક લાડવામાં ઝેર ભેળવી મારી સાથે ભોજન કરવા બેઠો. ખાઉં ખોટે તે પડે એ ન્યાયે ઝેરનો લાડુ ભુલથી તેણે ખાધો. ઝેર ચઢવાથી થોડીવારે તે મૃત્યુ પામ્યો. તેનો શોક કરતો હું ઘેર આવ્યો. તેના સગા સંબંધીને બોલાવી સર્વ બીના કહી.

તેના ભાગ કરતાં વધારે ધન તેઓને આપ્યું. બાકીનું ધન સાત ક્ષેત્રમાં વાપરી મેં દેવસેન આચાર્ય પાસે દીક્ષા લીધી. સંયમ પાળી કાળ કરી પ્રાણતદેવ લોકમાં ઓગણીસ સાગરોપમની સ્થિતિવાળો હું દેવ થયો. ત્યાંથી ચ્યવી હું હરિનંદીનો પુત્ર વીરદેવ નામે થયો. ધનદેવ મરીને ચોથી નરકે નવ સાગરોપમના આયુષ્યે નારક થયો. ત્યાંથી નીકળી સર્પ થયો. તે સર્પ દાવાનળમાં બળી મરી ફરી ચોથી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી તિર્યંચના ઘણા ભવો કરી ઈન્દુશેઠનો પુત્ર દ્રોણક નામે થયો. અમારા બન્નેની મૈત્રી આ ભવમાં પણ થઇ મેં તેને વેપાર કરવા ધન આપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે ઘણું ધન ઉપાર્જન કર્યું છતાં મને ઠગીને મારૂ ધન પડાવી લેવા એક મોટો મહેલ બનાવી મને પાડવા છેક ઉપર અસ્થિર નિસરણી બનાવી મને ભોજનનું આમંત્રણ આપ્યું. અમો બન્નેએ સાથે ભોજન કર્યું. પછી મહેલ જોવા મને ઉપર બોલાવ્યો. ભૂલથી જે નિસરણી ઉપર ચઢાવી મને મારવા માંગતો હતો તેના પર ચઢતાં પડયો ને તરત જ મૃત્યુ પામ્યો. હાથના કર્યા તેને હૈયે વાગ્યાં. મેં વૈરાગ્ય પામી માનભંગ ગુરૂ પાસે દીક્ષા લીધી. ચારિત્ર પાળી હું પચીસ સાગરોપમના આયુષ્યવાળો ગ્રૈવેયકમાં દેવ થયો. દ્રોણક મરીને પાંચમી નરકે બાર સાગરોપમના આયુષ્યે નારક થયો. દેવભવમાંથી ચ્યવી હું ચંપાવાસ નગરમાં માણિભદ્ર શેઠનો પૂર્ણભદ્ર નામે પુત્ર થયો. હું પ્રથમ વખત અમર એવો શબ્દ બોલ્યો તેથી અમરગુપ્ત એવું મારૂં બીજું નામ પાડયું.

દ્રોણક નરકમાંથી નીકળી મત્સ્ય થયો. ત્યાંથી મરી ફરી તે જ નરકમાં નારકી થઇ તિર્યંચ યોનીમાં રખડી નંદાવર્ત શેઠની નંદયતી નામે પુત્રી થઈ. યૌવનમાં આવતાં તેણીને મારી સાથે પરણાવી. અમારા બન્નેનો સંસાર સુખ પૂર્વક ચાલતો હતો. પણ પૂર્વ કર્મના દોષથી મને ઠગવાના તેના પરિણામ ખસતા ન હતા. તેને આપેલ કુંડળો પોતે જ સંતાડી મને ખોવાઈ ગયાં કહી રડવા લાગી. મેં તેને બીજા બનાવી આપ્યાં. એક દિવસે મેં મારી વીંટી સ્નાન કરતી વખતે તેને આપી. તેણે દાગીનાની પેટીમાં મુકી. ભોજન કરી તે દાગીનાની પેટીમાંથી મેં વીંટી કાઢી તો તેમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખોવાએલા કુંડળો દીઠા. મેં વિચાર કર્યો કે તેણે ગુમાવેલી કુંડળ જોડી જડી કે શું ? તેટલામાં તેણી મારી પાસે આવી મારા હાથમાં પહેરેલી વીંટી જોઇ શરમાઈ ગઈ. તેને લાગ્યું કે વીંટી લીધી તો કુંડળ પણ જોયાં જ હશે. હું તો તેના મુખનો ભાવ જાણી ઘરમાંથી નીકળી ગયો. તેણીએ વિચાર્યું કે મારી વાત પ્રગટ કરી સ્વજનોમાં મારી હલકાઈ થાય તે પહેલાં જ તેમને મારી નાખું એમ વિચારી તેણી એકલી એ મરણ પમાડનાર અનેક દ્રવ્યનું મિશ્રણ કરી એક જગ્યા પર મુકવા જતાં સર્પે ડંખ માર્યો. રૂદ્રદેવ પુરોહિતે તે સમાચાર આપતાં હું તરત જ ઘેર આવ્યો. નંદયંતીને જોતાં તેના શરીરમાં ઝેર વ્યાપી ગયું હતું છેલ્લો શ્વાસ બાકી હતો. મેં ગારૂડીકોને બોલાવી તેનું ઝેર ઉતારવા કહ્યું, તેઓએ કહ્યું કે કાળસર્પે ડંખેલી હોવાથી હવે મંત્ર શક્તિ ચાલે તેમ નથી. થોડીવારમાંજ તે મૃત્યુ પામી છઠ્ઠી નરકમાં એકવીસ સાગરોપમના આયુષ્યે નારકી થઈ. મેં તેની ઉત્તર ક્રિયા કરી દીક્ષા લીધી. તે હું અમરગુપ્ત મુનિ આ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જઈશ.

રૂદ્રદત્તનો જીવ નંદયંતી અનંતોકાળ સંસારમાં રખડી સમ્યત્કવ પામી મોક્ષે જશે. એક પાક્ષીકવૈર પણ પાર્શ્વનાથના દશભવ અને સમરાદિત્યના નવ ભવની જેમ સંસારમાં રખડાવે છે. એક જીવ ઊંચે ચઢતો મોક્ષે જાય છે. જ્યારે બીજો નીચે પડતો સાતમી નરકે જાય છે. પ્રાંતે તે જીવ પણ સમ્યકત્વ પામી ભવી હોવાથી ઘણા કાળે મોક્ષે જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમરાદિત્યના નવ ભવની એકે મોક્ષીકવૈરની કથા નીચે મુજબ ટુંકમાં જાણવી પહેલા ભવમાં ગુણસેન રાજાને અગ્નિશર્મા તાપસ થાય છે. પારણું ન કરાવી શકવાથી તે તેને ભવોભવ મારવાનું નિયાણું કરે છે. તેવા દાખલા શ્રેણીક અને કોણીકના છે, કંસ અને ઉગ્રસેનના છે. તેના આધારે સમરાદિત્ય કથા રચાણી છે.

બીજા ભવમાં ગુણસેનનો જીવ સિંહરાજા થાય છે. ને અગ્નિશર્મા તેનો પુત્ર થઇ કોણીક અને કંસની જેમ પિતાને દુઃખ દે છે. તે પુત્ર પરની મમતા ઘટાડવા માટે છે.

ત્રીજા ભવમાં ગુણસેનનો જીવ શીખી નામે પુત્ર ને અગ્નિશર્માનો જીવ તેની માતા જાલીની થઈ દીક્ષિત પુત્રને ઝેરનો લાડુ વહોરાવી મારે છે.

ચોથા ભવમાં ગુણસેનનો જીવ ધનશ્રેષ્ટિ થાય છે. અગ્નિશર્મા તેની પત્ની કુલટા ધનશ્રી બને છે. દીક્ષિત થયેલ પતિ ધ્યાનમાં ઊભેલાને લાકડાં સળગાવી બાળી નાખે છે. તે સ્ત્રી ઉપરની મમતા તોડવા માટે અચૂક દષ્ટાંત પૂરું પાડે છે.

પાંચમાં ભવમાં ગુણસેનનો જીવ જય અને અગ્નિ-શર્માનો જીવ વિજય નામે સહોદર ભાઈ થાય છે. અણુ-ગાર બનેલ જયનો વિજયરાજા ઘાત કરે છે.

છઠ્ઠા ભવમાં ગુણસેનનો જીવ ધરણ શ્રેષ્ટિ થાય છે. અને અગ્નિશર્માનો જીવ તેની કુલટા સ્ત્રી લક્ષ્મી નામે થાય છે. તે મુનિ બનેલ ધરણ ઉપર ચોરીનું આળ મૂકી સૂળીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચઢાવે છે. પણ મુનિ બચી જાય છે. અને લક્ષ્મીને દેશ-વટો મળે છે. સ્ત્રીની મમતા તોડવા આપણુ દષ્ટાંત સુંદર છે. જગત કેવું સ્વાર્થમય છે. તે જોવાય છે.

સાતમાં ભવમાં ગુણસેનનો જીવ સેન થાય છે. અગ્નિ-શર્માનો જીવ તેનો પિત્રાઈ ભાઈ વિષેણ બને છે. મુનિ થએલ સેનને મારવા જતાં વિષેણને દેવી અટકાવે છે.

આઠમાં ભવમાં ગુણસેનનો જીવ ગુણચંદ્ર થાય છે. અને અગ્નિશર્માનો જીવ વાનમંતર નામે વિદ્યાધર થાય છે. તે ગુણચંદ્રને મારવા તેના પર ચોરીનું આળ મુકે છે. પણ તેમાં તે ફાવતો નથી. મિત્ર સ્વજન વર્ગ પણ શત્રુ બની વેરનો બદલો લે છે.

નવમાં ભવમાં ગુણસેનનો જીવ સમરાદિત્ય થાય છે. અને અગ્નિશર્માનો જીવ ગિરિશેષ નામે ચંડાળ થાય છે. તે સમરાદિત્ય મુનિને બાળવા પ્રયત્ન કરે છે. પણ વેલં-ધર દેવ તેને અટકાવે છે. સમરાદિત્ય તે ભવે કેવળ જ્ઞાન પામી મોક્ષે જાય છે. અગ્નિશર્માનો જીવ નીચે નીચે ઉતરતો સાતમી નરકે જાય છે. અંતે ચંડાળના ભવમાં સમકિત પામી ઘણો કાળ સંસારમાં રખડી શંખ બ્રાહ્મણના ભવમાં તેનો મોક્ષ થાય છે. જૈન શાસનમાં ચરિત કથાઓ કરતાં ઔપદેશીક નવલકથાઓ ઘણી છે. તે ચરિતકથા કરતાં વધુ અસર કરતા હોવાથી અસત્કથા પણ સત્કથા બની જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં મગધ નામે દેશ છે. તેમાં શાલીગ્રામ નામે ગામમાં સોમદેવ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને અગ્નિલા નામે પત્નીથી. અગ્નિભૂતિ ને વાયુ-ભૂતિ નામે બે પુત્ર થયા. તેઓ વેદ ભણીને પારંગત થતાં ગર્વથી મદોન્મત્ત થયા હતા તે ગામની બહાર મનોરમ નામે ઉદ્યાન સુમનયક્ષથી અધિષ્ઠિત હતું. તેમાં નંદીવર્ધન નામે આચાર્ય સમોસર્યા. લોકો તેમના દર્શને ગયા. તેમના પ્રભાવને સહન નહિ કરતા અગ્નિભૂતિ અને વાયુભૂતિ ત્યાં ગયા અને આચાર્યની સામે તોછડાઈથી પ્રશ્નો પુછવા લાગ્યા. તે વખતે આચાર્યના સત્ય નામના એક શિષ્યે અવધિજ્ઞાનથી તેઓનો પૂર્વ ભવ જાણી પૂછયું કે તમે કયાંથી આવ્યા છો ? તેઓએ કહ્યું કે "અમે શાલીગ્રામથી આવ્યા છીએ" તે પહેલાંના ભવમાં તમે કયાં હતા. એમ મુનિએ પુછતાં તેઓ નિરૂત્તર થઈ ગયા ત્યારે મુનિએ તેમનો પૂર્વભવ જણાવતાં કહ્યું કે "તમો બન્ને પૂર્વના ભવમાં માંસભક્ષી શીયાળીયા હતા."

એક ખેડૂતે પોતાના ખેતરમાં ચામડાની દોરી મૂકી હતી. તે વર્ષાદમાં ભીની થતાં તમો બન્ને તેનું ભક્ષણ કરી ગયા. તે આહાર નહિ પચવાથી તમો બન્ને મરીને સોમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવ બ્રાહ્મણના પુત્ર થયા છો. પેલો ખેડૂત મરીને પોતાની પુત્રવધુની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો છે. તેને જાતિ સ્મરણજ્ઞાન થતાં તેણે જાણ્યું કે મારો પુત્ર ને પુત્રવધુ આ ભવમાં મારા માતાપિતા થયા તો મારે તેમને કેવી રીતે બોલાવવા એમ વિચારી તે મુંગો થઈને રહ્યો છે. આ વાતની ખાત્રી કરવી હોય તો તેને જઈને પુછો તો તે સાચી વાત જણાવશે.

લોકો કુતુહળથી તે મુંગાને ઉપાડી મુનિ પાસે લાવ્યા મુનિએ તેને કહ્યું કે "આ સંસાર વિચિત્ર છે. સંસારમાં કર્મવશે જીવ પુત્ર મરી પિતા થાય છે અને પિતા મરી પુત્ર થાય છે તેમાં કાંઈ આશ્ચર્ય નથી માટે તું મૌનપણું છોડી વર્તમાન માતાપિતાને માતાપિતા કહી બોલાવ. મુનિના કહેવાથી તેણે પોતાનો સર્વ પૂર્વનો વૃતાંત જણાવ્યો. આ સાંભળી ઘણા લોકો વૈરાગ્ય પામી ચારિત્ર લેવા તૈયાર થયા. ખેડૂત પણ પ્રતિબોધ પામ્યો. અગ્નિભૂતિ ને વાયુભૂતિ વિલખા બની ઘેર આવ્યા. લોકોમાં પોતાનું અપમાન થયું જાણી રાત્રે ખડ્ગ લઈ તે બન્ને મુનિને મારવા આવ્યા. તે ઉદ્યાનના રક્ષક સુમનયક્ષે તેઓને સ્થંભીત કરી દીધા. પ્રાતઃકાળે તેઓને સ્થંભીત થએલા જોઈ તેનાં માતાપિતા આક્રંદ કરવા લાગ્યા. ત્યારે સુમનયક્ષે પ્રત્યક્ષ થઈને કહ્યું કે આ દુષ્ટો મુનિનો ઘાત કરવા આવેલા જાણી મેં સ્થંભીત કર્યા છે.

હવે જો તેઓ દીક્ષા લેવાનું કબુલ કરે તો તેને છોડી મુકીશ. તેઓએ કહ્યું કે "અમો દુષ્કર એવું ચારિત્ર પાળવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમર્થ નથી. પણ શ્રાવકને યોગ્ય ધર્મ જરૂર આચરીશું. તેવું કહેવાથી સુમનયક્ષે તેમને છોડી મુકયા. તે બન્ને ભાઈઓ સારી રીતે જૈન ધર્મ પાળવા લાગ્યા. પણ તેમના માતાપિતા કંઈ ધર્મ પામ્યા નહિ. અગ્નિભૂતિ ને વાયુભૂતિ બન્ને ભાઈઓ શ્રાવકધર્મ આરાધી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં છપલ્યોપમના આયુષ્યવાળા દેવ થયા.

ત્યાંથી ચ્યવીને ગજપુરમાં જિત શત્રુ રાજા ધારણીદેવી અજિતસેન યુવરાજ અને ત્યાં અર્હદાસ શ્રેષ્ટિ હતો. તેની ભાર્યા પુષ્પશ્રીના ગર્ભમાં તે બન્ને ભાઈઓ ઉત્પન્ન થયા મોટાનું તામ પૂર્ણભદ્ર અને નાનાનું નામ માણિભદ્ર પાડયું. તેઓ ભણીગણીને ઉમ્મરલાયક થયા. તેવામાં મહેન્દ્ર નામે અણગાર ગજપુર નગરમાં સમો સર્યા. તેમની દેશના સાંભળી રાજા અને શેઠે દીક્ષા લીધી. પછી અજિતશેન રાજા થયો, ને પૂર્ણભદ્ર શેઠ થયો. સાધુઓ વિહાર કરી પાછા ગજપુરમાં આવ્યા. પૂર્ણભદ્ર ને માણિભદ્ર તેમને વંદન કરવા નીકળ્યા. માર્ગમાં પક્ષીનું પાંજરૂં ખભે મૂકીને ચાલતા અને તેની પાછળ પિંગલા નામે કૂતરી આવતી એવા ચંડાળને જોઈ બન્ને ભાઈને અત્યંત સ્નેહ થયો એટલે ચંડાળને કહ્યું કે અમે ગુરૂદેવને વંદન કરી પાછા આવીએ ત્યાં સુધી અહીં રહેજે તને ઈનામ આપીશું. એમ કહી ગુરુ પાસે જઈ વંદન કરી પૂછવા લાગ્યા હે ભગવાન ? ચંડાળને કૂતરી ઉપર અમોને સ્નેહ થવાનું શું કારણ ? ગુરૂએ જ્ઞાનોપયોગથી કહ્યું કે તેઓ પૂર્વજન્મમાં તમારા માતા પિતા હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘણું પાપ કરી નરકમાં પાંચ પલ્યોપમ સુધી દુઃખ ભોગવી અહીં ઉત્પન્ન થયાં છે. આ સાંભળી તે બન્નેને જાતિ સ્મરણજ્ઞાન થવાથી ચંડાળ પાસે જઈ પૂર્વજન્મની વાત કરી.

તે સાંભળી ચંડાળ તથા કૂતરીને પણ જાતિ સ્મરણ-જ્ઞાન થયું. પછી તેઓએ ચંડાળને પોતાને ત્યાં લઈ જવા કહ્યું. પંણ ચંડાળે કહ્યું કે હવે તો હું અનશન કરીને જ મરીશ. તેનો નિશ્ચય જાણી તેઓએ તેને ભક્ત પચ્ચખ્ખાણ કરાવ્યું. કૂતરીને ભોજન આપતાં તેણીએ પણ ખાધું નહિ. સાત રાત્રીમાં ભક્ત પ્રત્યાખ્યાન વડે મરણ પામી અજિત-સેન રાજાની પુત્રી સુદર્શના નામે થઇ. ચંડાળ મરણ પામી નંદીશ્વરદ્વીપમાં દેવ થયો. પૂર્ણભદ્ર માણીભદ્રને સુદર્શના ઉપર સ્નેહ થતાં પૂર્વ ભવની માતા સમજી પ્રતિ બોધ પમાડયો. તેથી સુદર્શનાએ પ્રિયદર્શના સાધ્વી પાસે દીક્ષા લીધી. ચારિત્ર પાળી દેવલોકે ગઈ. બન્ને ભાઈ પણ શ્રાવક ધર્મ પાળી કાળ કરી સૌધર્મ દેવલોકે ગયા.

## મધુ કૈટભનો ભવ

સૌધર્મ દેવલોકમાં બે સાગરોપમનું આયુ સુખમાં પસાર કરી ચ્યવીને ગજપુર નગરમાં વિશ્વસેન રાજાના મધુ અને કૈટભ નામે પુત્રો થયા. સમય જતાં મધુ રાજા થયો. નંદીશ્વરદેવ પણ સંસારમાં ભમીને વટપુરમાં કનકરથ નામે રાજા થયો. સંસારમાં ભ્રમણ કરતી સુદર્શના પણ તેની ચંદ્રાભા નામે પત્ની થઈ. મધુ અધિરાજા હતો પરંતુ આમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્પા નગરીનો ભીમરાજા તેની આજ્ઞા બરોબર પાળતો ન હતો. તેથી મધુરાજા તેના ઉપર ચઢાઈ કરવા નીકળ્યો. વટપુર પહોંચતાં કનકરથ રાજા બહુમાન પૂર્વક તેને પોતાને ત્યાં લઈ ગયો. ચંદ્રાભાદેવી તેના પગ ધોવા લાગી. તેના રૂપથી અને સ્પર્શથી આનંદ પામતો મધુ તેના પર મોહ પામ્યો. પણ તે વખતે વિકાર છુપાવી ભોજન કરી પોતાના ઉતારે ગયો. મંત્રીએ તેને અસ્વસ્થ જોઈ પૂછતાં મધુએ કહ્યું કે કનકરથની રાણી ચંદ્રાભા મારા હૃદયમાં વસી છે. એના વિના હું જીવી શકું તેમ નથી. મંત્રીએ કહ્યું કે તેને બળથી મેળવી શકાશે નહિ પણ કળથી મેળવાશે. હવે તમો કનકરથ સાથે પ્રેમ વધારી. રાણીઓને ત્યાં મોકલો. અને બીમારીનો દેખાવ કરો. એટલે કનકરથ તથા ચંદ્રાભા તમારી ખબર કાઢવા વારંવાર આવતા જતા રહેશે. વિરોધી ભીમરાજા પણ કનકરથે કરેલું સન્માન સાંભળી પાછો ગયો.

મધુરાજાએ કનકરથને કહ્યું કે અમારે ત્યાં પધારો તેથી કનકરથ તથા ચંદ્રાભા મધુને ત્યાં ગજપુર નગરે ગયાં. થોડા દિવસ બાદ બીજા રાજાઓ સાથે કનકરથનો પણ વિદાય સત્કાર કરવામાં આવ્યો. અને ચંદ્રાભાને આ ભરણ તૈયાર કરવાને બહાને રોકી રાખવામાં આવી. ચંદ્રાભાને મધુ પર વહેમ આવવાથી દાસી મારફને કનકરથને સંદેશો મોકલ્યો કે હવે હું બહાર નીકળી શકું તેમ નથી. આ સાંભળી કનકરથને ભય લાગવાથી પુત્રને રાજ્ય આપી તાપસી દીક્ષા લીધી. ચંદ્રાભા મધુની માનીતી થઈ. એક વખત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાપસ રૂપ ધારી કનકરથને ગજપુરનાં રાજ્ય માર્ગ પર જતા જોઈ દાસીએ ચંદ્રાભાને વાત કરી. ચંદ્રાભા કનકરથને જોઈ પોતાની આત્મનિંદા કરવા લાગી. એટલામાં મધુ ત્યાં આવ્યો. ને ચંદ્રાભાને પૂછવા લાગ્યો કે દેવી શું જુઓ છો? તેણીએ કહ્યું કે આ નગરની બહાર જાણે સૂતરથી ભાગ પાડયા હોય એવું શું દેખાય છે? મધુએ કહ્યું કે તે નગરવાસી લોકોના ખેતરોની સીમા બાંધેલી છે. તેનું ઉલ્લંઘન કરે તે અપરાધી ગણાય છે. અને તેનો દંડ લેવામાં આવે છે. રાજાઓ મર્યાદાના રક્ષક હોય છે. રાણીએ કહ્યું કે હિંસા કરનાર, જૂઠું બોલનાર, ચોરી કરનાર ને વ્યભિચારીનો શો દંડ કરવામાં આવે છે? રાજાએ કહ્યું કે તેનો વધ કરવામાં આવે છે. એટલે રાણીએ કનકરથ તાપસને બતાવી કહ્યું કે આપણા લીધે આ કનકરથ દુઃખ અનુભવે છે. તમે તેની પત્નીનું હરણ કરી અયોગ્ય કામ કર્યું છે. તેના દંડ ભોગવવો પડશે. આ સાંભળી મધુએ કાનની બૂટ પકડી કહ્યું કે ખરેખર તેં મને હિતશિક્ષા આપી.

હવે તેના પ્રાયશ્ચિત રૂપે હું રાજ્યનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરીશ. ચંદ્રાભાએ કહ્યું કે તમારા કરતાં હું વધારે દોષિત છું, તેથી હું પણ તમારી સાથે જ દીક્ષા લઈશ. કૈટભ પણ દીક્ષા લેવા તૈયાર થયો. તેથી મધુએ પુત્રને રાજ્ય આપી કૈટભ અને ચંદ્રાભા સાથે વિમલવાહન અણગાર પાસે દીક્ષા લીધી, ઘણો કાળ સંયમ પાળી ગીતાર્થ બની તપ કરી, આયુક્ષયે કાળધર્મ પામી મહાશુક્ર દેવલોકમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઇન્દ્ર થયો. કૈટભ તેનો સામાનીક દેવ થયો. ચંદ્રાભા સૌધર્મ દેવલોકમાં દેવી થઈ. કનકરથ તાપસ કાળધર્મ પામી ધૂમકેતુ વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી ઘણો કાળ સંસારમાં ભમી ફરીવાર પણ ધૂમકેતુ દેવ થયો.

તે અરસામાં મધુનો જીવ સત્તર સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી કૃષ્ણની પટ્ટરાણી રૂકમણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. ધૂમકેતુએ પોતાના વૈરીને ત્યાં ઉત્પન્ન થએલો જાણી જન્મ થયા પછી રૂકમણીએ કૃષ્ણને જોવા રમાડવા આપ્યો કે તે દેવે તેનું હરણ કરી શૂન્ય સ્થળે શીલાતળ પર રીબાઈ રીબાઈને મરી જશે એમ ધારી મૂકી દીધો. તે વખતે ત્યાંથી પસાર થતા વિમાનમાં બેઠેલા વિદ્યાધરે તેને સુંદર આકૃતિવાળો જોઈ. ઉપાડી પોતાની સ્ત્રીને પુત્ર તરીકે સોંપી દીધો.

આ પ્રમાણે પુત્ર હરણથી દુઃખી થએલા કૃષ્ણ અને રુકમણીને નારદે સીમંધર સ્વામી પાસે રૂકમણીના પુત્ર હરણની વાત જાણી. રૂકમણી પાસે આવી કહ્યું કે "દેવી! તમારો પુત્ર જીવે છે. અને વિદ્યાધરને ત્યાં ઊછરે છે. સોળ વર્ષે તમારે તેનો મેળાપ થશે. એમ કહી નારદ ઊઠયા. હવે આ તરફ વિદ્યાધરે તે પુત્રનું નામ પ્રદ્યુમ્ન પાડયું અને તે યોગ્ય ઉંમરનો થતાં કલાઓ જાણે તેની પૂર્વ પરિચિત હોય તેમ દરેક કળામાં પારંગત થયો. સાથે સાથે રૂપ, યૌવન, સૌભાગ્યાદિ ગુણોના નિધાન સરખો થયો.

હવે તે કાલસંવર વિદ્યાધરની પત્ની કનકમાલા તેને ભોગ સમર્થ જાણી કહેવા લાગી કે હે, પ્રદ્યુમ્ન ? હવે તું મને માતા કહી બોલાવીશ નહિ. તું જેનો પુત્ર હોય તે તારાં માતાપિતા સાચાં ગણાય. એમ કહી બધી હકીકત કહી. છેવટે તેની સાથે ભોગની પ્રાર્થના કરી. પ્રદ્યુમ્ને કહ્યું કે માતા ! તમે આવું અયોગ્ય કેમ બોલો છો ? શું તમારે મને મારી નંખાવવો છે ? કનકમાલાએ કહ્યું કે શું તું રાજાથી ડરે છે ?

તો સાંભળ ? મારા પિતાએ કુલ પરંપરાગત પ્રજ્ઞપ્તિ વિદ્યા મને આપી છે. તે વિદ્યા હું તને આપું છું. તેથી તને કોઇ મારી શકશે નહિ ? પ્રદ્યુમ્ને વિચાર્યું કે હમણાં તો તેની પાસેથી વિદ્યા ગ્રહણ કરવી. પછી કોઈ રીતે તેને સમજાવી લઈશ. એમ બિચારી કનકમાલાને આશ્વાસન આપી વિદ્યા ગ્રહણ કરી. પછી કનકમાલાને કહ્યું કે તમે પ્રથમ મને ઉછેરનાર માતા હતાં. હવે વિદ્યા આપવાથી ગુરૂ બન્યાં છો. માટે આવું અકાર્ય મારાથી થઈ શકે નહિ. આ સાંભળી કનકમાલા ક્રોધ પામી કંચુકી દ્વારા પ્રદ્યુમ્નને અપરાધી ઠરાવી સજા કરવા કાલસંવરને જણાવ્યું. રાજાને પ્રદ્યુમ્ન ઉપર વિશ્વાસ હોવાથી રાણીની વાત માની નહિ. તેથી કનકમાલાએ પોતાના પુત્રોને ઉશ્કેરી પ્રદ્યુમ્નનો નાશ કરવા કહ્યું. કપટી પુત્રોએ માતાની વાત સ્વીકારી. પછી પ્રદ્યુમ્નને મારી નાખવા વાવમાં શૂળી ખોસી. તેને સ્નાન કરવાના બહાને તેડાવ્યો. પ્રદ્યુમ્ન પ્રજ્ઞપ્તિ વિદ્યાનું સ્મરણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી વાવમાં પડયો. ત્યાં તેઓનું કપટ જાણી બહાર નીકળી યુદ્ધ કરી સર્વેને મારી નાખ્યા. તેથી ક્રોધ પામેલો કાલસંવર તેને મારવા આવ્યો. તે વખતે કનકમાલાએ રાજાને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપ્યાની વાત કહી. મંત્રીઓએ કાલસંવરને પુત્રનો વધ કરવાની સલાહ આપી નહિ.

પ્રદ્યુમ્ને પણ વિચાર્યું કે પિતા સાથે યુદ્ધ કરવું તે ઠીક નથી તેથી ઉદાસ બની બેઠો હતો તેવામાં નારદે આવી પ્રદ્યુમ્નને સાચી હકીકત જણાવી કહ્યું કે તું કૃષ્ણ વાસુદેવનો રુકમણીથી ઉત્પન્ન થએલ પુત્ર છું. જન્મતાંવેંત જ ધૂમકેતુ દેવ તને હરી ગયો હતો અને શિલા ઉપર છોડી દીધો હતો. પોતાની પત્ની સહિત આ કાલસંવરે તને પુત્ર ગણીને ત્યાંથી લીધો હતો. તું જ્યારે ગર્ભમાં હતો ત્યારે મારી માતા રુકમણીને સત્યભામાની સાથે શરત થઇ હતી કે જેને પહેલાં પુત્ર થાય તે પોતાના પુત્રના લગ્ન દિવસે બીજીનું કેશ મુંડન કરાવે તારૂં તો જન્મતાં વેંતજ હરણ થયું હતું. પણ સત્યભામા એ વાત માનતી નથી. તેને પણ પુત્ર થયો હતો. તેનો વિવાહ દુર્યોધન રાજાની પુત્રી સાથે કર્યો છે. તે કૌતુક જોવા હું રૂકમણી પાંસે ગયો. ત્યારે તેણીએ કહ્યું કે તમે મારા પુત્રના મેળાપનો આજ સમય બતાવ્યો હતો તો હવે મને પુત્રના દર્શન કરાવો. મેં કહ્યું કે આજે જ તને દર્શન કરાવીશ. એમ કહી હું તારી પાસે આવ્યો છું. માટે તું જલ્દી અહિંથી ચાલ ! પ્રદ્યુમ્ને કહ્યું કે તમે કહો છો તે ઠીક છે. પરંતુ મારા માતાપિતા મને

કેવી રીતે ઓળખશે. નારદે કહ્યું કે મેં સીમંધર જિનના કથન મુજબ તારી વાત તેમને અજાઉ કરેલ છે. માટે વિલંબ કરીશ તો તારી માતાના કેશનું મુંડન થશે. પ્રદ્યુમ્ન જવા તૈયાર થયો કે નારદે વિમાન વિકુર્વ્યું. બન્ને જણા દ્વારિકા નજીક આવી પહોંચ્યા. ત્યાં સૈન્યને જતું જોઈ પ્રદ્યુમ્ને નારદને પૂછ્યું કે આ સૈન્ય કયાં જાય છે. નારદે કહ્યું કે તું ગર્ભમાં હતો ત્યારે દુર્યોધને પોતાની કન્યા આપવા કહેલું. તે કન્યાને સત્યભામાના પુત્ર ભાનુ સાથે પરણાવવા માટે આ લઈ જવામાં આવે છે. તે સાંભળી કૂર બનેલા પ્રદ્યુમ્ને કહ્યું કે હું એ લોકોની પૂજા કરૂં તે તમે જુઓ. એમ કહી પ્રદ્યુમ્ને વિરુદ્ધ પ્રકારની જાન વિકુર્વી.

તેમાં પોતે એક કદરૂપો બ્રાહ્મણ બની સુવર જોડેલી ગાડીમાં બેઠો હતો. સાથે ગધેડા અને કૂકડા જોડેલા વાહનો પણ હતાં. દુર્યોધનના માણસોએ કહ્યું કે અમારા મંગલ કામમાં તું આડો ન આવ ખસી જા. બ્રાહ્મણે કહ્યું કે જો હું અમંગળ છું તો પછી મંગળ કોણ છે ? જે ભાનુને માટે આ કન્યા લઈ જવામાં આવે છે. તે શું મારાથી ચઢે તેમ છે ! એમ કહી પ્રદ્યુમ્ને ભીલો વિકુર્વ્યા. તેના ભયથી સૈન્ય દશે દીશામાં નાસી ગયું. પ્રદ્યુમ્ને નારદને કહ્યું કે, તમે મારી માતા પાસે જઈને મળો તેટલામાં હું પરિજનોને અને ભાનુના સહાયક કુમારોને મળું. નારદના ગયા પછી પ્રદ્યુમ્ને વાંદરો વિકુર્વી ઉદ્યાનના રખેવાળને કહ્યું કે આ વાંદરાને ખૂબ ભુખ લાગી છે માટે તેને ફળફુલ ખાવા દો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રખેવાળે કહ્યું કે અહીં તો વિવાહ થવાનો છે માટે બેસી શકાશે નહિ. એટલે પ્રદ્યુમ્ને રખેવાળોને સોનાનો ટુકડો આપતાં બેસવા દીધો. વાંદરો ક્ષણવારમાં બધાં ફળફુલ ખાઈ ગયો. ઉદ્યાન ઉજ્જડ થઈ જતું જોઈ રખેવાળોએ કહ્યું કે અમારે તમારૂં સોનું જોઈતું નથી. મહેરબાની કરી અમને જીવવા દો. ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું કે ચિંતા ન કરો. તમારૂં ઉદ્યાન પ્રથમના જેવું સુશોભિત બની જશે. આગળ જતાં પ્રદ્યુમ્ને ઘોડો બનાવી ખેતરના રખેવાળોને સોનું આપી લોભાવ્યા અને ઘોડાને ચરવા મુકયો. થોડીવારમાં ખેતર સફાચટ થતાં જોઈ રખેવાળો નમી પડયા એટલે પૂર્વની જેમ ખેતર બનાવી આગળ ચાલ્યો. ને વાવડીના રક્ષકોને લોભાવી ઘોડાને પાણી પીવા કહ્યુ. થોડીવારમાં વાવડીનું બધું પાણી ઘોડો પી ગયો. રક્ષકો ભયભીત બનતાં વાવડી પહેલાંની જેમ પાણીથી ભરી દીધી.

હવે ભાનુકુમાર ઘણા મિત્રોની સાથે બહાર ક્રીડા કરવા આવ્યો. પ્રજ્ઞપ્તિ વિદ્યાએ આ સમાચાર પ્રદ્યુમ્નને આપતાં ઘોડેશ્વાર બની ભાનુ પાસે આવ્યો. કુમારોએ ઘોડેશ્વારને પૂછયું કે આ ઘોડો વેચવો હોય તો કેટલું મુલ્ય લેશો. ઘોડેશ્વારે કહ્યું કે તમે પરીક્ષા કરીને મૂલ્ય આપો ? કુમારો વારાફરતી ઘોડા પર બેસી ચલાવવા લાગ્યા અને ખુશ થયા. પછી ભાનુકુમાર ઘોડા ઉપર બેઠો, એટલે ઘોડાએ તેને કુદીને પાડી નાખ્યો. તેથી ઘોડો ખરીદવાનો વિચાર મુકી દીધો. પછી દ્વારીકામાં આવી એક મેંઢાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઈને પ્રદ્યુમ્ન, વસુદેવના ઘરમાં ગયો. વસુદેવે પૂછયું કે
હે, છોકરા તું કેમ આવ્યો છું ? તેણે કહ્યું કે, "દેવ આપ
મેંઢાનાં લક્ષણ જાણો છો. મારે આ મેંઢો ખરીદવો છે માટે
તપાસ કરીને કહો., વસુદેવે મેંઢાના વાળની પરીક્ષા કરવા
આંગળીથી પોતાની તરફ બોલાવ્યો. એટલે મેંઢાએ વસુદેવને
આસન ઉપરથી પાડી તેમનો ઘુંટણ ઉતારી નાખ્યો. પ્રદ્યુમ્ને
વસુદેવ ને કહ્યું કે, "કંઈ જાણવા જેવું હોય તે કહો ?
આ સાંભળી વસુદેવ હસીને ઘરમાં ચાલ્યા ગયા. ત્યારપછી
રસ્તામાં જતાં પ્રદ્યુમ્નને માળીએ ફુલનો હાર આપ્યો.
વિલેપન લઈને જતી કુબ્જાનું કુબડાપણું મટાડયું તેથી
કુબ્જાએ પ્રદ્યુમ્નને શરીરે વિલેપન કર્યું. એટલે બ્રાહ્મણપુત્ર
બની સત્યભામાના ઘર પાસે આવ્યો અને ભિક્ષા માંગવા
લાગ્યો.

સત્યભામાએ દાસીઓના કહેવાથી ભોજન કરાવ્યું.
તે ખાઈને સત્યભામાને કહ્યું કે "દેવી ! આ દાસીઓ બધું
ખાઇ જાય છે." મને કંઈ આપતી નથી. સત્યભામાએ
દાસીઓને કહ્યું કે "એને જોઈએ તેટલું આપો." દાસી-
ઓએ કહ્યું કે "આને ગમે તેટલું આપીએ તો પણ ધરાતો
નથી," એટલામાં સત્યભામાએ સાંભળ્યું કે "કન્યાને લઇને
આવેલા સૈન્યને ભીલ્લોએ લુંટી લીધું છે." ત્યાં પ્રદ્યુમ્ને
કહ્યું કે "દેવી ! મને ભોજન પૂરતું ન આપવું હોય તો
હું રૂકમણીના ભવનમાં જાઉં છું." સત્યભામાએ કહ્યું કે
"હું બીજા કામમાં રોકાએલી છું માટે તારે જ્યાં જવું

હોય ત્યાં જા." પછી પ્રદ્યુમ્ન ચળુ કરી ઊઠયો ને નાના સાધુનું રૂપ કરી રૂકમણી પાસે ગયો. રૂકમણીએ વંદન કરી પૂછયું કે આપને શું જોઈએ છે? તેણે કહ્યું કે "મેં લાંબા ઉપવાસ કર્યા છે. આજ સુધી માતાના સ્તનનું પણ પાન કર્યું નથી માટે પારણામાં જલ્દી ખીર આપો."

રૂકમણીએ કહ્યું કે થોડીવાર વિસામો લ્યો એટલે ખીર બનાવીને આપીશું. પછી પ્રદ્યુમ્ન કૃષ્ણના સિંહાસન પર બેઠો રૂકમણીએ કહ્યું કે આ આસન દેવથી રક્ષાએલું હોઈ તમને કંઈ હાની ન થાય માટે બીજા આસન પર બેસો. પ્રદ્યુમ્ને કહ્યું કે "અમ તપસ્વી ઉપર દેવતાનું જોર ચાલે નહિ." રૂકમણીએ દાસીઓને ખીર જલ્દી બનાવવા કહ્યું. પણ પ્રદ્યુમ્ને અગ્નિ થંભાવી દીધો. તેથી દૂધ ગરમ થયું નહિ. એટલામાં સત્યભામાએ મોકલેલો નાપીત રૂકમણી પાસે કેશ લેવા આવ્યો. પ્રદ્યુમ્ને કહ્યું કે હે કાશ્યપ! તને મુંડન કરતાં આવડે છે તેણે હા, કહી. ફરી કહ્યું કે બદર મુંડન આવડે છે. તેણે ના પાડી એટલે પ્રદ્યુમ્ને કહ્યું કે આમ આવ તને શીખવું, એમ કહી તેની ચામડી વાળ સાથે ઉખાડી નસો હાથમાં આપી રુધિરથી રંગાએલો હજામ રાડ પાડી નાસી ગયો આ તરફ રૂકમણીને પાનો ચઢયો અને તેના લોચન પ્રફુલ્લ થયાં. પ્રદ્યુમ્ન પણ તેના દર્શનથી આનંદિત થયો. પછી યાદવ કુળના વૃદ્ધો હજામોને સાથે લઈ કેશ લેવા આવ્યા. રૂકમણીએ કહ્યું કે, ફુરસદે આપીશું હમણાં જાઓ. પ્રદ્યુમ્ને કહ્યું કે યાદવોનો શું આવો કુલા-

ચાર છે કે વિવાહમાં વાળથી મંગળ કરાય છે. વૃદ્ધોએ કહ્યું કે કુલાચાર તો નથી, પણ દેવીઓ વચ્ચે શરત થઈ હતી. તે મુજબ કેશ લેવા આવ્યા છીએ. એટલામાં વૃદ્ધોનાં વસ્ત્રો આસનો સાથે ચોંટી ગયાં તે જોઈ પ્રદ્યુમ્ને કહ્યું કે તમે આસનો ઉપાડી જવા વસ્ત્રો ચોંટાડી દીધાં લાગે છે. આથી શરમાઈને વૃદ્ધો ચાલ્યા ગયા.

પછી પ્રદ્યુમ્ને હજામોને કહ્યું કે દેવીના વાળ લેવા આવ્યા છો તો લઇ લ્યો. હજામો ભાન ભૂલી એકબીજાની હજામત કરવા લાગ્યા. તેથી દાસીઓ હસવા લાગી. હજામો શરમાઈ ચાલ્યા ગયા. તે વખતે નારદ ત્યાં આવ્યા. રૂકમણીએ તેમને કહ્યું કે આર્ય ? તમે કહ્યા મુજબ થયું નહિ. નારદે કહ્યું કે તમે પાસે બેઠેલા પુત્રને ઓળખી શકતા નથી. તો બીજું શું થાય ? આ વખતે પ્રદ્યુમ્ને પોતાનું રૂપ પ્રગટ કર્યું. ને માતાને પગે લાગ્યો. માતાએ આશીર્વાદ આપતાં કહ્યું કે વત્સ ! તું ચિરંજીવ, એમ કહી ખોળામાં બેસાડી સ્તનપાન કરાવ્યું.

નારદે પ્રદ્યુમ્નને કહ્યું કે "સામાન્ય માણસની જેમ તારે પિતા પાસે જવું યોગ્ય નથી." પ્રદ્યુમ્ને કહ્યું તો શી રીતે જવું ? નારદે કહ્યું કે તું દેવીનું હરણ કર ! કૃષ્ણનો પરાજય કરી પછી બધાને વંદન કરજે, રૂકમણીએ કહ્યું કે યાદવો બળવાન છે. રખે મારા પુત્રને ઇજા થાય. માટે એવું બોલો નહિ. નારદે કહ્યું કે પ્રદ્યુમ્ન પ્રજ્ઞપ્તિ વિદ્યાથી રક્ષાયેલો છે. મારી સહાયથી તે સર્વેને જીતી શકે તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

માટે ડરશો નહિ. કલહપ્રિય નારદના વચનને રૂકમણી કંઇ પ્રતિકાર કરી શકી નહિ. નારદે રથ વિકુર્વ્યો તેમાં રૂકમણી બેઠી. મોટા સાદથી નારદે ઘોષણા કરી કે રૂકમણીનું હરણ થાય છે. કોઈની તાકાત હોય તે અજમાવે. આ સાંભળી ઘણું સૈન્ય લડવા તૈયાર થયું. વિદ્યાના પ્રભાવથી પ્રદ્યુમ્ને બધા સૈન્યને જીતી લીધું. પછી કૃષ્ણે શંખ હાથમાં લઇ ફુંકવા માંડયો. પણ પ્રજ્ઞપ્તિ વિદ્યાએ તે શંખ ધૂળથી ભરી દીધો તેથી વાગી શકયો નહિ. કૃષ્ણ ને પ્રદ્યુમ્નનું યુદ્ધ થયું. જ્યારે બધાં શસ્ત્રો નિષ્ફળ થયાં ત્યારે કૃષ્ણે ચક્ર મૂકયું. રૂકમણી ભયભીત બનતાં નારદે કહ્યું કે ચક્ર એકગોત્ર ઉપર ચાલશે નહિ. માટે ખેદ ન કરો. હવે તે કૃષ્ણે મૂકેલું ચક્ર પ્રદ્યુમ્નને પ્રદક્ષિણા આપી પાછું કૃષ્ણ પાસે આવ્યું. ચક્રના અધિષ્ટાયિક દેવે સાચી વાત જણાવતાં નારદે પ્રદ્યુમ્નને કહ્યું કે હવે તું પિતાને જઈને પગે લાગ. કૃષ્ણને પગે લાગતાં કૃષ્ણે તેને ખોળામાં બેસાડી તેનું માથું સુંઘ્યું. અને ઠાઠ-માઠથી નગર પ્રવેશ કરાવ્યો. અને યુવરાજ તરીકે અભિષેક કરાવ્યો. કૃષ્ણે તેને વિદ્યાધરને રાજાની ઘણી કુંવરીઓ પરણાવી. દુર્યોધનની પુત્રી ભાનુ સાથે પરણાવાની રજા આપતાં સત્યભામા પણ ખુશ થઈ.

હવે એક વખત સત્યભામાએ કૃષ્ણને કહ્યું કે રૂકમણી તમારી માનીતી હોવાથી તમે તેને પ્રદ્યુમ્ન જેવો પુત્ર આપ્યો અને હું અણમાનીતી હોવાથી મને તેવો પુત્ર આપ્યો નહિ. કૃષ્ણે કહ્યું, તું આવું બોલ નહિ. તું જ સૌથી પહેલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પટ્ટરાણી છું. સત્યભામાએ કહ્યું જો એમ હોય તો મને પ્રદ્યુમ્ન જેવો પુત્ર આપો? કૃષ્ણે કહ્યું, તારો મનોરથ સફળ કરવા હું હરિણગમેષી દેવની આરાધના કરીશ. માટે તું નિશ્ચિંત થા. કૃષ્ણે અઠ્ઠમ કરી હરિણગમેષી દેવને પ્રસન્ન કર્યા. હરિણગમેષીએ હાર આપી કહ્યું કે આ હાર પહેરાવી જે દેવી સાથે તમે સમાગમ કરશો તેને પ્રદ્યુમ્ન જેવો પુત્ર થશે. આ વાત પ્રજ્ઞપ્તિ વિદ્યાએ પ્રદ્યુમ્નને જણાવી. ત્યારે પ્રદ્યુમ્ને વિચાર કર્યો કે સત્યભામા મારી માતા પ્રત્યે દ્વેષ ભાવ રાખે છે. તેથી જો મારા સરખો પુત્ર થશે તો તેની સાથે મારી પ્રિતિ નહિ થાય. માટે જાંબવતી કે જે મારી માતાની સગાઇથી બહેન થાય છે. તેને મારા જેવો પુત્ર થાય તેમ કરું એમ વિચારી જાંબવતી પાસે જઈ કહ્યું કે તમને મારા જેવો પુત્ર ગમે ખરો? તેણીએ કહ્યું, શું તું મારો પુત્ર નથી? હવે સત્યભામા માટે તપ કર્યું છે. એટલે મને તારા જેવો પુત્ર કયાંથી થાય? પ્રદ્યુમ્ને કહ્યું કે સંધ્યા પૂરી થતાં તમારું સત્ય ભામા જેવું રૂપ થશે. માટે સત્યભામા પહેલાં તમો દેવ પાસે પહોંચી જશો. એમ કહી પ્રદ્યુમ્ન ગયો. સાંજે દાસીઓએ જાંબવતીને કહ્યું કે ખરેખર તમે સત્યભામા જેવાં જ લાગો છો. પછી જાંબવતી છત્ર ચામર અને ઝારી સાથે દાસીઓને લઇ પતિ પાસે ગઇ. કૃષ્ણે સત્યભામા જાણી તેની સાથે રતિ ક્રીડા કરીને હાર પહેરી પાછી આવી. તે પછી સત્યભામા ગઇ. કૃષ્ણે કહ્યું કે દેવી? કેમ ફરી આવવું થયું? ત્યારે સત્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભામાએ ક્રોધથી કહ્યું કે તમારી માનીતી કેઈ આવી હશે એટલે મને આવું પૂછો છો? કૃષ્ણે કહ્યું કે હું તો મશ્કરીમાં બોલ્યો. પણ તું કેમ ખોટું લગાડે છે? એમ કહી તેની સાથે પણ રતિક્રીડા કરી તેના ગયા પછી કૃષ્ણે વિચાર કર્યો કે સત્યભામાને કોઈએ છેતરી લાગે છે. તપાસ કરતાં જાંબવતીને હાર વડે શોભતી જોઇ. જાંબવતીએ કૃષ્ણને પ્રણામ કરી કહ્યું કે દેવ? આજે મને એવું સ્વપ્ન આવ્યું કે હું તમારી પાસે આવી તમે મને હાર આપ્યો. જાગીને જોયું તો હાર પહેરેલો મેં જોયો માટે તે સ્વપ્નનું ફળ કહો? કૃષ્ણે વિચાર્યું કે આ પ્રપંચ પ્રદ્યુમ્ને કર્યો લાગે છે, પણ જાંબવતીને કૃષ્ણે કહ્યું કે તને પ્રદ્યુમન જેવો પુત્ર થશે. જાંબવતીએ કહ્યું કે આપ કહો છો તેમ થાય છે.

હવે તે વખતે કૈટભનો જીવ દેવલોકમાંથી ચ્યવીને જાંબવતીની કુક્ષીમાં આવ્યો. જાંબવતીએ જ્યારે પુત્રને જન્મ આપ્યો. તે જ વખતે મતિસાગર, અજિતસેન અને દારૂક સારથીને ત્યાં પણ પુત્ર જન્મના સમાચાર કૃષ્ણને આપવામાં આવ્યા. કૃષ્ણે કહ્યું કે જાંબવતીના પુત્રના એ ત્રણે મિત્રો થશે. જાતકર્મ કર્યા પછી તેઓનાં અનુક્રમે શાંબ બુદ્ધિસેન, જયસેન ને સુદારક એવાં નામ પાડવામાં આવ્યાં. દેવકી, રૂકમણી જાંબવતી અને પ્રદ્યુમ્ન વડે લાલન-પાલન કરતો શાંબ સુખપૂર્વક ઊછરવા લાગ્યો. એકવાર કૃષ્ણને પગે પડાવવા શાંબને લાવવામાં આવ્યો. કૃષ્ણ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રમાડવા લાગ્યા. તે વખતે કાલિદસેના ગણિકા પણ સુહિરણ્યા નામે બાલિકાને કૃષ્ણને પગે પડાવવા આવી. કૃષ્ણે તેને પૃછયું કે આ તારી છોકરી છે ? તેણીએ હા પાડી. પછી કૃષ્ણે શાંબની પાસે બેસાડી એટલે તે બન્ને બાળકો એક-બીજાને ભેટી પડયાં. એટલે કૃષ્ણે મંત્રી સામું જોયું. મંત્રીએ કહ્યું એ યોગ્ય જ છે. તે વખતે કાવિદસેના એ પણ કહ્યું કે આ કંચનપુરના રાજા હેમાંગદની પુત્રી છે. જો મારા ઉપર આપની કૃપા હોય તો કુમારની સેવીકા ભલે થાય. કૃષ્ણે તે વાત સ્વિકારી. કુટુંબીજનોને કહ્યું કે આ સુહિરણ્યાકુમારી મારી પુત્રવધૂ છે માટે તેનું સારી રીતે પાલન થવું જોઈએ શાંબને પણ કલાચાર્ય સુમુખ પાસે મોકલવામાં આવ્યો. ત્યાં તે કળાઓ શીખી તૈયાર થયો.

હવે એકવાર પ્રદ્યુમ્ને પોતાની માતાને રોતી જોઇ પૃછયું કે દેવ શિવાય તારો કોઈએ અપરાધ કર્યો હોય તો કહે તેને હું બરાબર શિક્ષા કરીશ. રૂકમણીએ કહ્યું કે મેં તારા મામા પાસે તારા માટે તેની પુત્રી વૈદર્ભિની માંગણી કરી હતી. પણ તેણે કહ્યું કે મારી પુત્રી ચાંડાલોને આપીશ પણ રૂકમણીના પુત્રને નહિ આપું. પ્રદ્યુમ્ને કહ્યું કે તમે ધીરજ ધરો ! એ ચંડાળ એવા મને જ આપશે. એમ કહી શાંબને સાથે લઈ ભોજકટ નગરે ગયો. ચાંડાળનો વેષ ધારણ કરીને તે બન્ને જણા ગાયન ગાતા સરોવરની પાળે બેઠા. તે વખતે હાથીને માવત પાણી પાવા લાગ્યો. મહાવતે તે બન્નેને કહ્યું કે, "અરે ચંડાળો આઘા ખસો

નહિતર હાથી તમને મારી નાખશે. તેઓએ કહ્યું કે એ કાયર હાથીને અહીં લાવીશ નહિ. નહિતર અમારા કૂતરા ખાઈ જશે. આ સાંભળી મહાવતે હાથીને છૂટો મૂકયો. પ્રજ્ઞપ્તિ વિદ્યાના પ્રભાવથી ચારે બાજુથી હાથીને કૂતરા વળગ્યા. એટલે હાથી માવતને લઈ નાસી ગયો અને બીજા હાથીઓ પણ ભયભીત બની દોડવા લાગ્યા. રૂકમીરાજાના કાને વાત આવી કે ચાંડાળના કૂતરાંએ હાથીને બઘકા ભર્યા. એટલે બીજા હાથીઓ પણ નાસભાગ કરે છે. થોડીવાર પછી તે મામલો શાંત પાડી ઉંદરોએ હાથીઓને બાંધવાના દોરડાં કાપી નાખ્યાં.

એટલે હાથીઓ નિરંકુશપણે ફરવા લાગ્યા. રાજ-પુરુષો દોરડાં લેવા ફરતા હતા ત્યારે ચાંડાલકુમારોએ દોરડાં આપી તેનું મોં માગ્યું મુલ્ય લીધું. પછી શાંબ ડોશીનું રૂપ ધારણ કરી રૂકમી રાજા પાસે ગયો. અને કહ્યું કે આપ વૈદર્ભિ ચાંડાલને આપવાના છો. એમ સાંભળ્યું છે તો આ મારા પુત્ર જેવો વર બીજે કયાંઈ મળશે નહિ. રૂકમીએ રોષથી કહ્યું કે બહાર નીકળ. પ્રતિહારીને કહ્યું કે આ ચાંડાળોને કેમ પેસવા દીધા. પ્રતિહારે કહ્યું કે અમે તેઓને પ્રવેશ કરતાં જોયા જ નથી. અત્યારે જ તેઓ અમારી નજરે પડયાં. રુકમીએ સભાસદોને કહ્યુ કે “ આ ચાંડાળો કન્યા માગવા આવ્યા હતા તો તમે કેમ તેનો તિરસ્કાર કર્યો નહિ. તેઓએ કહ્યુ કે “ડોશીની આંખમાંથી મચ્છરોની વૃષ્ટિ થતી હતી. તેથી અમારી આખો ઢંકાઇ ગઈ હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મચ્છરોએ ચટકા ભરવાથી અમો મુંગા બની ગયા. તે ગઈ તેની સાથે મચ્છરો પણ ચાલ્યાં ગયા છે. પછી રાજાએ મંત્રીઓ સાથે વિચાર કર્યો કે આ કોઈ દેવ કે વિદ્યાધરનું કર્તવ્ય લાગે છે. એટલે હવે આવે તો કહેવું કે કન્યાને સ્વયંવર આપ્યો છે.

બીજે દિવસે ચાંડાલ વૃદ્ધા રત્નો લઈ રાજા પાસે આવી. સેવકોને તેણે રત્નો આપ્યાં. પછી રાજાને પૂછયું કે દેવ! તમે શું વિચાર કીધો. રાજાએ કહ્યું કે મેં કન્યાને સ્વયંવર આપેલો હોવાથી મારો તેના પર અધિકાર નથી. વૃદ્ધાએ કહ્યું જો એમ હોય તો કન્યા મારા પુત્રને જુએ. પછી ભલે તેજ નિર્ણય કરી લે રાજાએ કહ્યું કે સારું હવે તમે અહીંથી જાઓ. એટલે અદષ્ટ રીતે ચાંડાલો ચાલ્યા ગયા. પછી સભાસદોને રાજાએ કહ્યું કે તમે કેમ કંઈ બોલ્યા નહિ. સભાસદોએ કહ્યું કે દેવ! શું બોલીએ? અમે તો અત્યારે જ ભાનમાં આવીએ છીએ. આ રૂપ કરીને કોઈ દેવ કે વિદ્યાધર આપને છેતરે છે! માટે તેનો તિરસ્કાર કરશો નહિ.

પછી પ્રદ્યુમ્ને વૈદર્ભિને પોતાનું રૂપ બતાવ્યું. વૈદર્ભિએ શાંબ અને પ્રદ્યુમ્ન બન્ને જણને જોઈ પૂછયું કે દેવ સ્વરૂપ એવા તમે કોણ છો? તેઓએ કહ્યું કે અમે કૃષ્ણના બન્ને પુત્રો શાંબ ને પ્રદ્યુમ્ન છીએ, મામા, એમ બોલ્યા હતા કે મારી પુત્રી હું ચાંડાલોને આપીશ. પણ પ્રદ્યુમ્નને નહિ આપું. તેથી ચાંડાલનો વેશ ધારણ કરી તેમની પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કન્યા માગી. તેમણે કહ્યું કે કન્યાને સ્વયંવર આપેલ છે. તો જો તને અમારી સાથે આવવાનું રુચતું હોય તો કહે. પ્રદ્યુમ્નના રૂપથી મોહ પામેલી વૈદર્ભિએ કહ્યું કે પિતા રજા આપે તો આવીશ. એટલે તેઓ રાજા પાસે જઈ કહ્યું કે આપ કુમારીને પૂછી અમને જલ્દી વિદાય કરો. રાજાએ વૈદર્ભિને બોલાવી પૂછયું કે આ ચંડાલ તને ગમતો હોય તો વરમાળા નાખ કન્યાએ કહ્યું કે આપે પહેલાં જ મને ચાંડાલોને આપી છે. તો પછી મારે ચંડાલણી થવું જ જોઈએ. રૂકમીએ કહ્યું કે તારું મન હોય તો જા? મને મોઢું બતાવીશ નહિ. પછી વૈદર્ભિ પિતાને પ્રણામ કરીને નીકળી. પ્રદ્યુમ્ન શાંબની સાથે નગર લોકો વડે જોવાતો ભોજકટ નગરમાંથી નીકળ્યાં ને વિંધ્યાચળની પાસે રહ્યાં. પ્રજ્ઞપ્તિ વિદ્યાની સહાયથી પ્રદ્યુમ્ને દિવ્ય સમૃદ્ધિવાળો તથા પ્રજાને રત્નમંડિત પ્રાસાદ વિકુર્વી. સુંદર પુરુષોને વસ્ત્રાભુષણથી સજી રૂકમીને લગ્નમાં આમંત્રણ આપવા મોકલ્યા. ને કહ્યું કે કાલે વર વધુ પર અક્ષત નાખવા આવજો. રાજાએ જાસુસો મોકલી તપાસ કરાવી. તેઓએ ત્યાંની સમૃદ્ધિનું વર્ણન કર્યું. તેથી નગરલોક સહુ ગયા. તેમનો પ્રદ્યુમ્ને આદર સત્કાર કરી, જમાડીને પાછા વિદાય કર્યા. પછી ત્રણે જણ દ્વારામતી નજીક પહોંચી ગયા.

શાંબના કહેવાથી પ્રદ્યુમ્ન તથા વૈદર્ભિએ રૂકમણીના ભવન પાસે વીણાઓ વેચનારી ચાંડાલ ચાંડાલણી બની ઊભા. શાંબે રૂકમણીને કહ્યું કે માતા? દ્વાર પાસે ઉભેલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મચ્છરોએ ચટકા ભરવાથી અમો મુંગા બની ગયા. તે ગઈ તેની સાથે મચ્છરો પણ ચાલ્યાં ગયા છે. પછી રાજાએ મંત્રીઓ સાથે વિચાર કર્યો કે આ કોઈ દેવ કે વિદ્યાધરનું કર્તવ્ય લાગે છે. એટલે હવે આવે તો કહેવું કે કન્યાને સ્વયંવર આપ્યો છે.

બીજે દિવસે ચાંડાલ વૃદ્ધા રત્નો લઇ રાજા પાસે આવી. સેવકોને તેણે રત્નો આપ્યાં. પછી રાજાને પૂછયું કે દેવ! તમે શું વિચાર કીધો. રાજાએ કહ્યું કે મે કન્યાને સ્વયંવર આપેલો હોવાથી મારો તેના પર અધિકાર નથી. વૃદ્ધાએ કહ્યું જો એમ હોય તો કન્યા મારા પુત્રને જુએ. પછી ભલે તેજ નિર્ણય કરી લે રાજાએ કહ્યું કે સારું હવે તમે અહીંથી જાઓ. એટલે અદૃષ્ટ રીતે ચાંડાલો ચાલ્યા ગયા. પછી સભાસદોને રાજાએ કહ્યું કે તમે કેમ કંઈ બોલ્યા નહિ. સભાસદોએ કહ્યું કે દેવ! શું બોલીએ ? અમે તો અત્યારે જ ભાનમાં આવીએ છીએ. આ રૂપ કરીને કોઈ દેવ કે વિદ્યાધર આપને છેતરે છે! માટે તેનો તિરસ્કાર કરશો નહિ.

પછી પ્રદ્યુમ્ને વૈદર્ભિને પોતાનું રૂપ બતાવ્યું. વૈદર્ભિએ શાંબ અને પ્રદ્યુમ્ન બન્ને જણને જોઇ પૂછયું કે દેવ સ્વરૂપ એવા તમે કોણ છો? તેઓએ કહ્યું કે અમે કૃષ્ણના બન્ને પુત્રો શાંબ ને પ્રદ્યુમ્ન છીએ, મામા, એમ બોલ્યા હતા કે મારી પુત્રી હું ચાંડાલોને આપીશ. પણ પ્રદ્યુમ્નને નહિ આપું. તેથી ચાંડાલનો વેશ ધારણ કરી તેમની પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કન્યા માગી. તેમણે કહ્યું કે કન્યાને સ્વયંવર આપેલ છે. તો જો તને અમારી સાથે આવવાનું રુચતું હોય તો કહે! પ્રદ્યુમ્નના રૂપથી મોહ પામેલી વૈદર્ભિએ કહ્યું કે પિતા રજા આપે તો આવીશ. એટલે તેઓ રાજા પાસે જઈ કહ્યું કે આપ કુમારીને પૂછી અમને જલ્દી વિદાય કરો. રાજાએ વૈદર્ભિને બોલાવી પૂછ્યું કે આ ચંડાલ તને ગમતો હોય તો વરમાળા નાખ કન્યાએ કહ્યું કે આપે પહેલાં જ મને ચાંડાલોને આપી છે. તો પછી મારે ચંડાલણી થવું જ જોઈએ. રૂકમીએ કહ્યું કે તારું મન હોય તો જા! મને મોઢું બતાવીશ નહિ. પછી વૈદર્ભિ પિતાને પ્રણામ કરીને નીકળી. પ્રદ્યુમ્ન શાંબની સાથે નગર લોકો વડે જોવાતો ભોજકટ નગરમાંથી નીકળ્યાં ને વિધ્યાચળની પાસે રહ્યાં. પ્રજ્ઞપ્તિ વિદ્યાની સહાયથી પ્રદ્યુમ્ને દિવ્ય સમૃદ્ધિવાળો તથા પ્રજાને રત્નમંડિત પ્રાસાદ વિકુર્વી. સુંદર પુરુષોને વસ્ત્રાભુષણથી સજી રૂકમીને લગ્નમાં આમંત્રણ આપવા મોકલ્યા. ને કહ્યું કે કાલે વર વધુ પર અક્ષત નાખવા આવજો." રાજાએ જાસુસો મોકલી તપાસ કરાવી. તેઓએ ત્યાંની સમૃદ્ધિનું વર્ણન કર્યું. તેથી નગરલોક સહુ ગયા. તેમનો પ્રદ્યુમ્ને આદર સત્કાર કરી, જમાડીને પાછા વિદાય કર્યા. પછી ત્રણે જણ દ્વારામતી નજીક પહોંચી ગયા.

શાંબના કહેવાથી પ્રદ્યુમ્ન તથા વૈદર્ભિએ રૂકમણીના ભવન પાસે વીણાઓ વેચનારી ચાંડાલ ચાંડાલણી બની ઊભા. શાંબે રૂકમણીને કહ્યું કે માતા? દ્વાર પાસે ઉભેલી

ચાંડાલણી વીણાઓ વેચે છે તે જુઓ ! રૂકમણીએ બહાર આવી જોયું તો વૈદર્ભિને દીઠી. પ્રદ્યુમ્ને માતાને પગે પડીને કહ્યું કે મામાએ વૈદર્ભિ ચાંડાલોને આપી છે. એમ કહી સવિસ્તર હકીકત કહી. રૂકમણી પ્રસન્ન થઈને કૃષ્ણને સમાચાર મોકલવામાં આવ્યા. શાંબ યુવાવસ્થામાં આવતો કૃષ્ણ જેવો દેખાવા લાગ્યો. કુમારનાં ઊતરેલાં વસ્ત્રાભુષણો તથા પુષ્પશેખર તથા અવશેષ રહેલ ભોજનાદિ બુદ્ધિસેન સુહિરણ્યાને મોકલતો હતો. એકવાર કંચુકીએ આવી શાંબને કહ્યું કે હવે આજ્ઞા કરી છે કે તમારે સુહિરણ્યા ને હિરણ્યા ગણિકા પુત્રીઓનું નૃત્ય જોવા રત્નકરંડક ઉદ્યાનમાં આવવું શાંબ રથમાં બેઠો અને સુદારક તેનો સારથી બન્યો. માર્ગમાં રથનાં પૈડાં સમારવા રથ ઊભો રાખ્યો. ત્યાં એક રૂપાળી કન્યાએ આવી શાંબને પ્રણામ કર્યા. બુદ્ધિસેને શાંબને કહ્યું કે તમારા મુકુટનાં છોગાં લટકે છે તે બે હાથથી ઊંચા કરો. શાંબે એમ કર્યું તે વખતે રથના ઘોડાઓએ હણહણાટ કર્યો. શાંબે શુભ શકુન સમજી બુદ્ધિસેનને પૂછ્યું કે આ કન્યા કોણ હતી. બુદ્ધિસેને કહ્યું કે કુલ કન્યા લાગે છે. પછી બધા ઉદ્યાનમાં ગયા. હિરણ્યાએ નાટારંભ શરૂ કર્યો તે પુરો થતાં સુહિરણ્યાએ શરૂ કર્યો. બુદ્ધિસેન વચમાં ઉભો તેને જયસેને આઘો ખસવા કહ્યું.

પછી સુહિરણ્યાએ નૃત્ય પૂરૂ કરતાં નાટયાચાર્યે તેને સ્નાન કરાવ્યું. તે વખતે બુદ્ધિસેન શાંબની આગળથી ખસી ગયો. એટલે શાંબે લક્ષ્મીદેવી જેવી સુહિરણ્યાને જોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુહિરણ્યાએ પણ શાંબને જોયો. તે વખતે બન્નેને એકબીજા પર રાગ ઉત્પન્ન થયો. પછી મિત્રો સાથે શાંબ રથમાં બેસી ઘેર જવા નીકળ્યા. રસ્તામાં જયસેને શાંબને કહ્યું કે, 'આર્યપુત્ર ! બુદ્ધિસેન બિચારો નિર્માલ્ય ને બોલવામાં જ ચતુર છે. બુદ્ધિસેને કહ્યું કે, "તું તો પુરૂષોના ભેદ પણ જાણતો નથી." જયસેને કહ્યું કે તું જાણતો હોય તો કહી બતાવ. ત્યારે બુદ્ધિસેને કહ્યું કે, "પુરૂષો ધર્મ અર્થને કામની દૃષ્ટિએ ઉત્તમ મધ્યમને અધમ ત્રણ ત્રણ પ્રકારે છે. અર્થના વિષયમાં જોઈએ તો પિતાએ ઉપાર્જન કરેલું ધન ભોગવતો છતાં વધારે છે. તે ઉત્તમ છે. જે ધનક્ષીણ થવા દેતો નથી. તે મધ્યમ છે. અને જે ઉડાવી દે છે. તે અધમ છે.

ધર્મના વિષયમાં જે સ્વયં બુદ્ધ તે ઉત્તમ. જે પ્રત્યેક બુદ્ધ તે મધ્યમ ને બુદ્ધબોધિક્ત તે વિમધ્ય અને દુર્લભબોધી તે અધમ. કામના વિષયમાં જે પોતે બીજાને ઇચ્છે અને બીજા વડે ઈચ્છાય તે ઉત્તમ. જે બીજા વડે ઇચ્છાય પણ પોતે તેને ન ઇચ્છે તે મધ્યમ અને જે બીજાને ઇચ્છે પણ બીજા તેને ન ઇચ્છે તે અધમ. જયસેને પૂછયું : 'તેમાં આર્યપુત્ર કયા પ્રકારના છે." બુદ્ધિસેને કહ્યું કે ધર્મ અર્થ બાબતમાં કહી શકું નહિ. પણ કામ બાબતમાં તો મધ્યમ છે. જયસેને કહ્યું, "તું કયા પ્રકારનો છે." તેણે કહ્યું કે, હું ઉત્તમ છું. જયસેને ક્રોધથી કહ્યું કે તું આત્મપૂજક છું તેથી સ્વામીને મધ્યમ કહે છે ને પોતાને ઉત્તમ જણાવે છે માટે તને શિક્ષા કરવી જોઈએ. તે વારે અજિતસેને કહ્યુ કે, "સ્વા-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિની કામના કોણ કરે છે કે જેને સ્વામી ઇચ્છતા નથી. બુદ્ધિસેને કહ્યું "સ્વામી મને પૂછે તો કહું નહિતર કહીશ નહિ.

શાંખના પૂછવાથી બુદ્ધિસેને કહ્યું કે હું એકવાર આપની સેવા કરીને ઘેર જતો હતો ત્યાં માર્ગમાં રાજપુરૂષોએ કહ્યું કે 'જે રથમાં બેસે તેનું પંડિતમાં નામ લખવું અને ન બેસે તેનું મૂર્ખામાં નામ લખવું એવો સ્વામીનો આદેશ છે. તે સાંભળી હું રથમાં બેઠો. રસ્તામાં હાથી પર બેઠેલા માવતે મને કહ્યુ કે, 'આર્ય રથ આઘો ખસેડો. હાથી વશમાં નથી." એટલે સારથી રથ વાળીને ગણિકાવાસમાં લઈ ગયો. ત્યાં ગણિકાઓના રૂપ જોતો એક ભવન આગળ મારો રથ અટક્યો એટલે સારથીએ મને ઉતારી ભવનમાં જવા કહ્યું. હું અંદર ગયો. ત્યાં દાસીઓથી વીંટળાયેલી એક કન્યા જોઈ. તેણીએ મને પ્રણામ કરી બેસવા આસન આપ્યું. મને પૂછ્યું કે "બુદ્ધિસેન ! તમે કયાંથી આવો છો. મેં કહ્યું કે શાંખકુમાર પાસેથી. તેણીએ કહ્યું કે, 'ત્યાં કયા પ્રકારના વિનોદથી દિવસો ગાળો છો. મેં કહ્યું કે કલાઓના અભ્યાસથી તે પછી એક સુંદર રૂપવાન દાસીએ મને કહ્યું કે અત્યારે વડીલો પાસે જવાની જરૂર નથી. અહીં જ આરામ કરો. આ ભોગમાલિની તમારૂં ચિંતન કરે છે ? એમ કહી તે ગઈ. એટલે ભોગમાલિની એ મને કહ્યું કે, "આર્યપુત્ર ! રથમાં બેસવાથી તમે થાકી ગયા લાગો છો. માટે શય્યામાં વિસામો લ્યો.

હું પણ શય્યામાં જઈને સૂઈ ગયો. એટલે ભોગમાલિની મારી પગચંપી કરવા લાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી મને પૂછીને મારૂં ઉપરનું અંગ દબાવવા લાગી. અને પોતાના સ્તનો વડે મને દબાવા લાગી એમ જુદી જુદી કામચેષ્ટાથી મને ઉત્સાહિત કરી મારી સાથે ભોગ ભોગવવા લાગી. પછી હું તેના ત્યાં વારંવાર જવા લાગ્યો. એકવાર તેણીએ મને કહ્યું કે, "આર્યપુત્ર ! તમને અહિં લાવવાનું કારણ એ છે કે અમારી સ્વામિની સુહિરણ્યા જ્યારે બાલ્યાવસ્થામાં હતી તે વખતે શાંબકુમારને તેનું વાગ્દાન કરવામાં આવ્યું હતું. તે ઉંમરલાયક થતાં કૃષ્ણ મહારાજે આજ્ઞા કરી કે કાલિંદસેના ! એ કન્યાને હવે મારા ગર્ભગૃહમાં લાવજે. એક વખત માતાની સાથે સુહિરણ્યા જવાને નીકળી પણ માતાએ ના પાડવાથી સુહિરણ્યાએ ગળા ફાંસો ખાધો. દૈવયોગે હું ત્યાં આવી તેને બચાવી લીધી. તેને પલંગમાં સુવાડી. સ્વસ્થ થયા પછી મેં તેને ગળા ફાંસો ખાવાનું કારણ પૂછતાં તેણીએ કહ્યું કે 'પહેલાં તો સભામાં જતી ત્યારે શાંબકુમારનું દર્શન થતું પણ હવે થતું નથી. તેથી તેઓ મને વીસરી ગયા છે એમ વિચારી મેં આત્મઘાતનો નિર્ણય કર્યો હતો. મેં કહ્યું, "તમે વિષાદ ન કરો. હું મારા સ્વાત્મ-ભોગે પણ તમને તે ચિંતામાંથી દૂર કરીશ.

ત્યારે તે આશાવાળી બની. પછી મેં તેની માતાને વાત કહી. અને શાંબકુમારના વિશ્વાસુ મિત્ર તમને જાણી. તમારા સારથી માવતને મિત્રો દ્વારા યુક્તિથી અહીં લાવવામાં આવ્યા હતા. આ તો ગણિકાપુત્રી છે. એવી મનોવૃત્તિ ટાળી ગણિકાઓની ઉત્પત્તિ વિષે હું કહું તે સાંભળો ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વકાળમાં ભરત નામે માંડલીક રાજા એક જ સ્રીમાં અનુરક્ત હતો. સામંતોએ તેના માટે કન્યાઓ મોકલી. તે રાજાની સાથે પ્રાસાદમાં બેઠેલી રાણીએ વિચાર કર્યો કે કદાચ રાજા આ કન્યાઓ પરણશે તો મારું માન ઓછું થશે. તેથી પાણી પહેલાં પાળ બાંધવી જોઇએ એમ વિચારી કહ્યું કે હું પ્રાસાદ ઉપરથી ભૂસકો મારું છું. રાજાએ કારણ પૂછતાં તેણીએ કહ્યું કે આ કન્યાઓ પરણી મને શોકયના દુઃખમાં પાડો છો ત્યારે રાજાએ કહ્યું કે જો તારો આવો જ નિશ્ચય હોય તો તે કન્યાઓ ભવનમાં પ્રવેશ નહિ કરે. રાણીએ કહ્યું કે ભલે! તેઓ બહાર રહી તમારી સેવા કરે. પછી રાજાએ છત્રચામર-ધારીઓની સાથે તે બધી કન્યાઓ રાખી તેઓ રાજાની સેવા કરવા લાગી. અનુક્રમે તે કન્યાઓ ગણોને આપવામાં આવી. આ રીતે ગણિકાઓની ઉત્પત્તિ થએલ છે.

અમિતયશા નામે ગણિકાને ઘણાં બાળકો થયા પછી કાલિંદસેના નામે પુત્રી થઇ. તેને હેમાંગદ રાજાથી થએલી આ સુહિરણ્યા પુત્રી છે. એની પ્રણય ચિંતા કુમાર જાણે તેમ કરો. આ વચન ભોગમાલીનીનું મેં સ્વીકાર્યું. સુહિ-રણ્યાને ખાતરી કરાવવા માટે તમારાં પુષ્પ ગંધ, વસ્ત્ર, તંબોળ લઇ તેને આપું છું. નૃત્ય કરતી સુહિરણ્યાને આપે જોઈ છે. તે વખતે હું આડો ઊભો રહ્યો તેનું કારણ એ હતું કે જો તે આપને જુએ તો તેના નૃત્યમાં ભંગ પડે. આપનામાં જ તેનું ચિત્ત લાગેલ છે. આ સાંભળી શાંબ ખુશી થયો ને રાત્રે બુદ્ધિસેનને કહ્યું કે જા તે સુહિરણ્યાને અહીં લાવ. તારા કહેવા મુજબ હું ઉત્તમ પુરુષ થઇશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાંબના કહેવાથી બુદ્ધિસેન ને જયસેન કાલિંદસેના પાસે ગયા. ને શાંબની ઈચ્છા જણાવી. કાલિંદસેનાએ જાંબવતી અને કૃષ્ણની આજ્ઞા મેળવી સુહિરણ્યાને મોકલી. સુહિરણ્યા વાસગૃહમાં પ્રવેશી શય્યામાં બેઠી એટલે ગર્ભગૃહનું દ્વાર બંધ કરી બુદ્ધિસેન બહાર નીકળ્યો, પછી મેના જેમ પોપટને શીખવે તેમ સુહિરણ્યાએ શાંબને શિક્ષિત કર્યો, પ્રભાતે બુદ્ધિસેન આવ્યો. તેને શાંબે કહ્યું કે વડીલો ન જાણે તેમ સુહિરણ્યાને મારા ભવનમાં લઈ જાઓ. એટલામાં બન્નેને માટે વસ્ત્રાલંકાર, પ્રસાધન, દાતણપાણી લઈ દાસીઓ આવી એટલે આ બધી માતાને ખબર છે. એમ જાણી શાંબ ચિંતામુક્ત થઇ. સુહિરણ્યાની સાથે પાંચે ઈન્દ્રિયોના વિષય સુખ ભોગવવા લાગ્યો. શાંબને ભાનુ બન્ને સભામાં ક્રીડા કરતા હતા. તેમની વચ્ચે હોડ થઇ કે જેનું પક્ષી સુંદર બોલે તે એક કરોડ જીતે. બીજે દિવસે ભાનુ પોપટ લઈને આવ્યો ત્યારે શાંબ પ્રદ્યુમ્નના ત્યાંથી મેના લઈને આવ્યો. મધ્યસ્થાનીમી એકબીજાના પક્ષીઓને બોલાવવા લાગ્યા તેમાં મેના સુંદર બોલતાં ભાનુ પાસે શરત મુજબ કરોડ માગ્યા. ભાનુએ પોતાની માતા સત્યભામાને વાત કરી. તેણીએ કૃષ્ણને કહી રકમ અપાવી. શાંબે તે રકમ દાનમાં વાપરી નાખી. ફરી બીજી વખત ભાનુએ શાંબ સાથે હોડ-બકી કે જે ઉત્કટ ગંધ વાસ લાવે તે બે કરોડ જીતે. શાંબે કહ્યું કે તું હારીશ તો દેવને કહીશ માટે તારી સાથે હોડબકવી નથી. ભાનુએ કહ્યું કે માતાએ દેવને કહેલું. મેં કહ્યું ન હતું. તેથી મધ્યસ્થ નીમી શરત કબુલ કરી. શાંબે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચાર્યું કે માતા પાસેથી સુગંધ આવશે તેમાં મારો પરાજય થશે. માટે ઉત્કટ ગંધ નાસિકાને પ્રતિકૂળ લઇ જવું ઠીક છે. એમ વિચારી ડુંગળી, લસણ, દારૂ, હીંગ વગેરે બકરાના મુત્રમાં મિશ્રિત કરી રાખ્યું.

તે સભામાં આવ્યો તે પહેલાં ભાનુ બહુ સુગંધી દ્રવ્ય લાવીને બેઠો હતો. અને બધા તેનાં વખાણ કરતા હતાં. તેટલામાં શાંબે આવી દુર્ગંધવાળું વિલેપન કર્યું. તેથી મધ્યસ્થોએ નાક બંધ કરી કહ્યું કે, "શાંબ સ્વામી આ ગંધ તો અતિ ઉત્કટ છે. માટે પ્રસન્ન થઇ અમને જવા દો. શાંબે કહ્યું નિર્ણય આપો ? તેઓ બોલ્યા કે "તમે જીત્યા" ત્યારે ભાનુએ કહ્યું કે આની તો અશુભ દુર્ગંધ છે. શાંબે કહ્યું કે, આપણી શરત ઉત્કટગંધ માટેની હતી પણ શુભઅશુભ માટેની નહોતી. આ સાંભળી મધ્યસ્થો-એ શાંબનો પક્ષ કર્યો. તેથી બે કરોડ દ્રવ્ય ભાનુને આપવું પડ્યું. તે દ્રવ્ય શાંબે દાનાદિકમાં આપી દીધું.

ફરી એક વાર ભાનુએ આભુષણની વિશેષતા જેની હોય તે ચાર કરોડ જીતે એવી શરત મૂકી. શાંબે તેના બહુ આગ્રહથી કબૂલ રાખી. પ્રદ્યુમ્ન પાસે જઈ શરતની વાત કરી અને કોઈપણ ઉપાયે જીતવાનો રસ્તો બતાવો એમ કહ્યું. પ્રદ્યુમ્ને તેને આશ્વાસન આપ્યું. પછી વિચાર કરી પ્રદ્યુમ્ન શીવાદેવી પાસે ગયો. અને કહ્યું કે ભાનુ અને શાંબને આભરણ માટેની શરત થઇ છે. માટે દેવોએ જે આભરણ અમારા કાકા અરિષ્ટનેમીને પહેરવા આપ્યા હતા તે આપો ? શિવાદેવીએ કહ્યું કે તારા કાકાના આભુષણો

ક્ષત્રીઓ ધારણ કરતા નથી. તેથી ફક્ત એક દિવસ પહેરવા આપીશ. તારાથી વધારે કંઇ નથી કે જે ન આપી શકાય. એમ કહી આભુષણો આપ્યા. તે લઈને પ્રદ્યુમ્ને શાંબને આપ્યાં. શાંબ તે પહેરીને સભામાં ગયો. તે પહેલાં ભાનુ ખૂબ મૂલ્યવાન આભુષણો પહેરી બેઠો હતો અને બધા તેની પ્રશંસા કરતા હતાં. પરંતુ શાંબનાં આભુષણો આગળ તે ઝાંખા પડી ગયાં અને મધ્યસ્થોએ શાંબ જીત્યો એવો નિર્ણય આપ્યો. આ વાત સત્યભામાએ સાંભળી એટલે તેણીએ કૃષ્ણને કહ્યું કે "તમારો લાડીલો શાંબ મારા પુત્રને હેરાન કર્યા કરે છે.

તેને કોઇ પણ રીતે અટકાવો ? કૃષ્ણે કંચુકીને મોકલી શાંબને કહેવરાવ્યું કે ભાનુને છોડી દે. શાંબે કહ્યું કે, "તેનો હોડમાં પરાજય થયો છે તે રકમ આપીને ખુશીથી જાય." કંચુકીએ તે બીના કૃષ્ણની પાસે બેઠેલી સત્યભામાના સાંભળતાં કહી. સત્યભામાએ કૃષ્ણને કહ્યું કે, "જે આપવું પડે તે આપી મારા પુત્રને છોડાવો." આથી કૃષ્ણે સભામાં જઈ શાંબને કહ્યું કે ભાનુને જવા દે તેની હોડની રકમ અમે આપીશું. છતાં શાંબે માન્યું નહિ તેથી કૃષ્ણે ક્રોધથી શાંબને કહ્યું કે હવે હદ થાય છે. તું આ છોકરાને સુખે જીવવા દેતો પણ નથી એમ કહી કૃષ્ણ સભામાંથી ચાલ્યા ગયા ને શાંબે શરત મુજબ રકમ લઈ ભાનુને છુટો કર્યો. બીજે દિવસે કૃષ્ણે જાંબવતીને કહ્યું કે શાંબે મારૂં પણ અપમાન કર્યું છે. તે કેવો છે તે હું તને બતાવું ? એમ કહી કૃષ્ણના કહેવા મુજબ જાંબવતી ભરવાડણ બની છાશ વેચવા નીકળતાં તેને રૂપાળી જાણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાંબે હાથ પકડયો. પાછળ કૃષ્ણને જોઈ નાસી ગયો. બીજે દિવસે તેને સભામાં બોલાવવામાં આવ્યો ત્યારે ખીંટીને છોલતો શાંબ સભામાં આવ્યો. કૃષ્ણે પૂછયું કે આ શું છે ? તેણે કહ્યું કે જે ગઈ કાલની મારી વાત કરશે. તેના મોંમાં આ ખીલી ઠોકીશ. 'આ સાંભળી કૃષ્ણે કુલવૃદ્ધોને કહ્યું કે "આ શાંબ મને પણ બનાવે છે ને મારી મશ્કરી કરે છે. માટે તેને નગરમાંથી કાઢી મૂકવામાં આવે છે. વસુદેવે તેનો ગુનો માફ કરવા કૃષ્ણને કહ્યું પણ કૃષ્ણે કહ્યું કે તમે જ એને મોંઢે ચડાવ્યો છે. માટે તેનું ફળ તેને ભોગવવા દ્યો. શાંબે કહ્યું કે, હું પાછો કયારે આવું ? કૃષ્ણે કહ્યું કે, જ્યારે હું અને સત્યભામા વિનંતી કરીને બોલાવીએ ત્યારે આવજે. પછી શાંબ બધાને પ્રણામ કરી પ્રદ્યુમ્ન પાસે ગયો અને તેને આજીજી કરી પ્રજ્ઞપ્તિ વિદ્યા મેળવી શાંબ નગર બહાર જતો રહ્યો. પ્રજ્ઞપ્તિની સહાયથી ભાનુ માટે તૈયાર કરેલી. એકસો સાત કન્યા એકી વખતે સુહિરણ્યા સાથે મળી એકસો આઠનું પાણિગ્રહણ શાંબને કૃષ્ણે કરાવ્યું. મતલબ કે કૃષ્ણના કહેવા મુજબ જ તે નગરમાં આવ્યો અને કુલ વૃદ્ધોની હાજરીમાં પરણ્યો.

## વિક્રમરાજાની કથાઓ

ધાતકીખંડના શિવપુર નગરમાં હરિશ્ચંદ્ર રાજાને રોહિણી નામે રાણી હતી. તે નગરમાં મહાપરાક્રમી વિક્રમ નામે એક રજપુત રહેતો હતો. તે દ્રવ્યઉપાર્જન માટે દેશાંતર ગયો. ત્યાં કોઈ વનમાં મુનિચંદ્ર નામે મુનિને જોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંદન કરી, પૂછયું કે ભગવન્ મને મહેનત કરવા છતાં ધન કેમ મળતું નથી? ગુરુએ કહ્યું કે તેં પૂર્વભવમાં દાન આપ્યું નથી. તેથી આપ્યા વિના લેવાતું નથી. તો હવે થોડામાંથી થોડું પણ આપવા માંડ. ગુરુની શિક્ષા માની તે કંઈનું કંઈ પણ દાન કરવા લાગ્યો.

એક વનમાં તેણે દરમાં સોનામહોર જોઈ. ખોદતાં પાંચસો સોનૈયા નીકળ્યા. તેણે વિચાર કર્યો કે પારકું ધન કેમ લેવાય? ત્યાં કોઈ દેવીએ પ્રગટ થઈ કહ્યું કે તારા દાનના પરિણામ જાણી આ દ્રવ્ય મેં જ બતાવ્યું છે. તો તું તારી ઇચ્છા મુજબ ભોગવ. દાનનું પ્રત્યક્ષ ફળ જાણી ધન લઈ તે પોતાના ઘેર ગયો. ત્યાં દરરોજ શક્તિ મુજબ દાન દેવા લાગ્યો. એક દિવસ તે ભોજન કરવા બેઠો હતો તેવામાં તીર્થંકર ભગવાન પારણા માટે ત્યાં આવ્યા. તેણે ભાવથી વહોરાવ્યું. ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયા.

દાનનો મહિમા જાણી હરિશ્ચંદ્ર રાજા પણ ત્યાં આવ્યો. તેણે વિક્રમની સ્તુતિ કરી. એક વખતે વિક્રમ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં એક વિદ્યાધર આકાશ ગામીની વિદ્યાનું પદ ભૂલી જવાથી ઊંચે થઈ નીચે પડતો જોયો. પદાનુસારી બુદ્ધિથી વિક્રમે તેનું પદ કહી આપવાથી તે નિલકંઠ વિદ્યાધરે તેને આકાશગામીની વિદ્યાને એક વીંટી આપી; વીંટીના પ્રભાવથી સર્વ પ્રકારનું વિષ ઊતરી જાય છે તેમ કહ્યું.

એક વખત રાજપુત્રીને બગીચામાં ક્રીડા કરતાં કોઈ સર્પે ડશી. તેથી તે મૂર્છિત થઈ પડી. રાજારાણીને ખબર પડતાં તેમણે વિષ ઉતારવા ઘણા ઉપાયો કર્યા. પણ વિષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઊતર્યું નહિ. તેથી નગરમાં પડહો વજડાવ્યો કે જે કોઈ મારી પુત્રીને સજીવન કરશે તેને અર્ધું રાજ્ય ને પુત્રી પરણાવીશ. વિક્રમે પડહ છબી રાજકુમારીનું વિષ વીંટીનું જળ છાંટી ઉતાર્યું. રાજાએ તેને અર્ધું રાજ્ય તથા પુત્રી રત્નમંજરી પરણાવી. વિક્રમ રાજા બની ઘણું દાન આપવા લાગ્યો. હરિશ્ચંદ્ર રાજાને પુત્ર ન હોવાથી તેણે વિક્રમરાજાને પોતાનું રાજ્ય આપી. કાળ કરી પરલોક ગયો.

વિક્રમરાજા ઘણી સ્ત્રીઓ પરણ્યો. રત્નમંજરીને પટ્ટ-રાણી બનાવી. એક વખત નીલકંઠ વિદ્યાધર વિક્રમરાજા પાસે આવી, પગમાં પડી કહેવા લાગ્યો કે મારા નગરમાં પધારો, તેની પ્રાર્થનાથી વિક્રમરાજા મંત્રીને રાજ્ય સોંપી વિમાનમાં બેસી વિદ્યાધર સાથે તેના મણિમંદિર નગરમાં ગયો. નીલ-કંઠે પોતાની બહેન મદનવેગા તેની સાથે પરણાવી. પછી તે વિદ્યાધરો સાથે પોતાના નગરમાં આવ્યો.

એક દિવસ ત્યાં મુનિ ચંદ્રસૂરિ પધારતાં તેમની દેશના સાંભળી. પરસ્ત્રીગમનનો નિયમ લીધો. અને ચારે પર્વતિથિમાં પોતાની સ્ત્રીઓનો પણ નિયમ કર્યો. એક વખત રાજા સભામાં બેઠો હતો. એક વણીક અશ્વ લઈને આવ્યો. રાજાએ તે અશ્વ મૂલ્ય આપી ખરીદી લીધો. પ્રભાતે તેના પર બેસી ક્રીડા કરવા ગયો. લગામ છૂટી મૂકતાં તે અશ્વ દોડવા માંડયો. સવારો તેને પકડવા જતાં તે આકાશમાં ઊડયો. રાજાએ જાણ્યું કે કોઈ દેવ ઘોડા રૂપે મને ઉપાડી જાય છે.

અશ્વ રાજાને દૂર જંગલમાં મૂકી અદૃશ્ય થઈ ગયો. વિક્રમરાજા આજુબાજુ જોવા લાગ્યો ત્યાં બે સુંદરી તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોવામાં આવી. તેની દૃષ્ટિ સ્થિર હોવાથી રાજાએ દેવીઓ છે એમ નક્કી કર્યું. પછી તે સ્ત્રીઓએ કહ્યું કે અમે આપની ઘણા વખતથી વાટ જોઈએ છીએ, કેમ આપને વિલંબ થયો ? એમ કહી મહેલના સાતમે માળે લઈ જઈ ત્યાં કોઈક દેવીને પલંગ ઉપર બેઠેલી રાજાએ જોઈ. તેણે રાજાને દેખતાં પલંગ પરથી ઊતરી પ્રેમ પૂર્વક આતિથ્ય સત્કાર કર્યો. બન્ને દેવીઓએ રાજાને સ્નાન કરાવી દિવ્ય રસોઇ જમાડી વસ્ત્રાભૂષણથી અલંકૃત કર્યો.

મુખ્ય દેવીએ રાજાને કહ્યું કે હું ઈશાન દેવલોકમાં રહેનારી દેવી છું. ઘણા કાળથી તને ઝંખતી આ વનમાં મહેલ બનાવી રહું છું. તો તું મારા મનોરથને પૂર્ણ કરી મને તારા સંગમ સુખનું પાન કરાવ. વિક્રમરાજાએ કહ્યું કે તું દેવી દિવ્ય ભોગને છોડી મનુષ્યની સાથે અસૂચી ભોગને કેમ ઇચ્છે છે ? સર્પાદિકતો એકવાર પ્રાણનું હરણ કરે છે, પણ વિષય તો વારંવાર મરણ દાયક થાય છે. માટે નરકમાં લઈ જનાર વિષયનો ત્યાગ કરી બ્રહ્મચર્યરૂપ અમૃતનું તું પાન કર, દેવીએ કહ્યું કે હે નપુંસર શિરોમણિ ? તું મારો અનાદર કરે છે. સ્વપ્નામાં પણ દુર્લભ દેવનું દર્શન હોય છે તેને અવગણી તું કયા સુખની ઇચ્છા કરે છે ? વિક્રમે કહ્યું કે આપનું કહેવું ઠીક છે ? પરંતુ મારે પરસ્ત્રીનો નિયમ છે. વ્રત ભંગથી હું બહુ ભય પામું છું. દેવીએ કહ્યું કે હે મૂર્ખ હું તારી ઇચ્છા કરું છું. ને તું અનાદર કરે છે. તેનું ફળ રૂપે તારૂં મસ્તક હમણાં જ કાપી નાખીશ, વિક્રમે કહ્યું કે પ્રાણ જાય તો ભલે જાય. પણ વ્રત ભાંગીશ નહિં એમ કહી મસ્તક નમાવ્યું. દેવીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેની દઢતા જાણી હર્ષ પામી રાજા ઉપર પુષ્પવૃષ્ટિ કરી કહ્યું કે ઇશાનેન્દ્રે તારી દઢતાનાં વખાણ કરતાં કહ્યું કે વિક્રમરાજાને શીલથી ચળાવવા અપ્સરાઓ પણ સમર્થ નથી. તે સાંભળી હું તારી પરીક્ષા કરવા આવી છું. અશ્વ-પ્રહાર પણ મેં જ કરાવ્યો છે. પછી દેવીએ તેને વરદાન માગવા કહ્યું. વિક્રમે કહ્યું કે શીલ પાલન કરવું એ વ્રત અખંડ રહ્યું છે. હવે બીજી વસ્તુની કંઈ જરૂર નથી. પછી દેવી તેને શિવપુરમાં લઈ જઈ રત્નજડિત આસન પર બેસાડી વસ્ત્રાભૂષણથી શણગારી નગરના લોકોને રાજાનું વૃતાંત જણાવી પોતાને સ્થાને જઈ. વિક્રમરાજાનો શીલનો મહિમા ચારે દિશામાં ફેલાયો. હવે વિક્રમરાજાને રત્ન-મંજરીથી રત્નસાર નામે પુત્ર થયો. તેને યોગ્ય ઉંમરે યુવરાજ્યપદવી આપી. એક વખત ગુરુ મહારાજ ફરીથી પધારતાં તેમની દેશના સાંભળી દીક્ષા લીધી. તપના પારણા નિમિત્તે લક્ષણાવતી નગરીમાં ગયા ત્યાં લક્ષ્મણરાજાનો દુષ્ટપુત્ર ચંડસેન અપશુકન માની તેમને મારવા દોડયો. કે તરત જ મયુરબંધથી બંધાઈ પૃથ્વી પર પડી ગયો. તેનો પિતા દુઃખી થતો ત્યાં આવ્યો. અને મુનિને ખમાવીને કહ્યું કે આ દુષ્ટ પુત્ર આપને ઉપદ્રવ કરવા આવ્યો હશે. તેથી તેની આ દશા થઈ છે તો આપ ક્ષમા આપી તેને સાજો કરો ? મુનિએ કહ્યું મેં કંઈ કર્યું નથી. તેટલામાં દેવે પ્રગટ થઈ કહ્યું કે આ દુષ્ટ મુનિને મારવા જતો હતો તેને મેં શિક્ષા કરી છે. તે મુનિનું સન્માન કરશે તો સાજો થશે. પછી તે કબૂલ કરવાથી સાજો થયો. પછી મુનિનો ઉપદેશ સાંભળી તેઓ ધર્મ પામ્યા. મુનિ પારણું કરી અનુક્રમે કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા. ✻

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[ અનુસંધાન મુખપૃષ્ઠ ૨ નું ચાલુ...

૫૪. ભુર્ભુવઃ સ્વઃ ભાગ ૨
૫૫. જૈન કથાઓ–સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ–જૈન દર્શન
૫૭. બૃહદ્ સંગ્રહણી સાર્થ
૫૮. જૈન ધર્મ પ્રવેશક ભાગ ૧
૫૯. ઉપમિતિ ભવ પ્રપંચાકથા–૧
૬૦. ઉપમિતિ ભવ પ્રપંચાકથા–૨
૬૧. નૂતન સ્તવનાવલી
૬૨. ઉપદેશસિત્તરી
૬૩. સહસ્રકૂટ નામાવલી
૬૪. જૈન કથાઓ ભાગ ૧૩
૬૫. " " " ૧૪
૬૬. " " " ૧૫
૬૭. જૈન મહાભારત
૬૮. જૈન ઇતિહાસ
૬૯. જૈનધર્મ પ્રવેશક ભાગ ૨
૭૦. સચિત્ર જૈન રામાયણ
૭૧. વસુદેવહિંડ ચરિત્ર
૭૨. સમકિત–મૂળ બાર વ્રતકથાઓ
૭૩ નવ સ્મરણ–મૂળ
૭૪. નવપદ મહાત્મ્ય
૭૫. લઘુક્ષેત્ર સમાસસાર્થ
૭૬. અકલંક આત્મકથા
૭૭. સાધુસાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૭૮. ચેઈયથયથુઈ સજ્ઝાયમાળા–૩
૭૯. જૈન કથાઓ ભાગ ૧૬
૮૦. " " " ૧૭
૮૧. નવકારના જાપની નોંધ
૮૨. તત્ત્વાર્થધિગમ સૂત્રાર્થ
૮૩. જૈન ધર્મપ્રવેશક ભાગ ૩
૮૪. જૈન પ્રશ્નોત્તરી ભાગ ૧
૮૫ " " " ૨
૮૬. " " " ૩
૮૭. બે પ્રતિક્રમણ પ્રકીર્ણસંગ્રહ
૮૮. જૈન કથાઓ ભાગ ૧૮
૮૯. " " " ૧૯
૯૦. " " " ૨૦
૯૧. ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભાગ ૧
૯૨. " " " ભાગ ૨
૯૩. વિવિધ પૂજા સાર્થ ભાગ ૧
૯૪. " " " ભાગ ૨
૯૫. છંદ, સ્તવન, સજ્ઝાય સંગ્રહ
૯૬. જૈનધર્મનો પરિચય
૯૭. આગમસાર
૯૮ પ્રશમરતિ
૯૯. જૈન કથાઓ–ભા. ૨૧
૧૦૦. સામયિક ચૈત્યવંદન તથા દેવચંદ્રજીની ચોવીશી સાર્થ
૧૦૧. પારસમણિ
૧૦૨. શાંત સુધારસ સાર્થ
૧૦૩. જ્ઞાનસાર સાર્થ
૧૦૪. જૈન કથાઓ–ભા. ૨૨
૧૦૫. વીતરાગસ્તોત્ર
૧૦૬. બુદ્ધિસાગરસૂરિ
૧૦૭. જૈનકથાઓ–ભાગ ૨૩
૧૦૮. " " ૨૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અભિપ્રાય

વર્તમાન યુગમાં વ્યાવહારિક જ્ઞાન હોવા છતાં હુંશાતુશીએ વધુ ને વધુ જોર પકડ્યું છે. ઘરેઘરમાં ઈર્ષ્યાની જ્વાલા ભભૂકી છે. તેનું કારણ એકજ છે કે જ્ઞાન હોવા છતાં ધાર્મિક જ્ઞાનનો અભાવ છે. સમ્યગ્જ્ઞાન લોકોને સુલભ બને તે માટે લોકો સુધી સાહિત્ય પહોંચે તેની ખાસ જરૂર છે.

સસ્તુ સાહિત્ય પ્રકાશન જે રીતે સારાંસારાં પુસ્તકો ઓછી કિંમતે વેચે છે અને તે દ્વારા સદ્ વિચારોનો ફેલાવો કરે છે તેમ પ. પૂ. તપસ્વી મુ. શ્રી અકલંકવિજયજીમહારાજસાહેબ અકલંક ગ્રંથમાળા દ્વારા સમ્યગ્ જ્ઞાનનો પ્રચાર કરી રહેલ છે તે એક અનુમોદનીય પ્રવૃત્તિ છે.

આ ગ્રંથમાળાના સાહિત્ય પ્રકાશનમાં લગભગ દરેક વિષયોને આવરી લેવામાં આવ્યા છે. તેથી દરેક વિષયને વાચક જ્ઞાનપીપાસુ સંતોષી શકે છે તે ગ્રંથમાળાની એક વિશેષતા છે.

સાહિત્ય તો ઘણું પ્રકાશિત થતું રહે છે પણ તે આર્થિક દૃષ્ટિએ મજબૂત હોવાથી લોકો તેને ખરીદવા અસમર્થ હોય છે તેથી તેનો ફેલાવો જોઈએ તેટલો થઈ શકતો નથી. જ્યારે આ ગ્રંથમાળાનાં પુસ્તકો તો પઠનપાઠનની કિંમતથી જ તેનો પ્રચાર મુનિશ્રી કરે છે.

આ ગ્રંથમાળાનો બહોળો પ્રચાર અને ફેલાવો થાય અને સર્વજનો તેનો લાભ તનમનધનથી લઈ શુભ પ્રવૃત્તિમાં સહયોગી બને એવી એકની એક મનોકામના.

આજદિન સુધી મુનિશ્રીએ ૧૦૦ ગ્રંથો ઉપરાંત બીજા અનેક ગ્રંથો પ્રકાશિત કર્યા છે. તે જ્ઞાનોપાસના બદલ તેમને ધન્યવાદ આપવા ઘટે છે.

શ્રી કૈલાસસાગરસૂરિ ફાઉન્ડેશન,
૨૮૦/૭, જવાહરનગર, ગોરેગાંવ (વે.)
મુંબઈ–૪૦૦૦૬૨.

મુનિશ્રી સંયમસાગર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust